આપના અસીલ માટેની
● બિઝનેસ લૉન-CC ● પ્રોજેક્ટ લૉન ● હોમ-લોન
● મુદ્રા લૉન તથા ● સબસિડીની કામગીરી માટે
સંપર્ક :- ૯૭૨૫૩૨૧૭૦૦
SARTHAK ADVISORY PVT. LTD.
every penny counts
www.moneylal.in
Home Loan - Mortgage Loan - SME Loan - Working Capital - Business Loan

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

Tax Today (Monthly)

ગુજરાતી પખવાડિક
કરવેરા સલાહકાર
સીધા અને આડકતરા કરવેરાની સાદી અને સરળ ભાષામાં માહિતી આપતું ગુજરાતી પખવાડિક
વાર્ષિક લવાજમ :- ૨૭૯૫
સંપર્ક:-
પૂજા પબ્લિકેશન
મનિષ શાહ
૯૯૨૪૧ ૧૯૩૨૯

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષઃ ૬, ◆ અંકઃ ૩, ◆ સળંગ અંકઃ ૬૩, ◆ તા.૧૫/૦૧/૨૦૨૨, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂ.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- (કુરીયર સાથે રૂ.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળ: ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના

e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

# ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર કરવામાં આવી રહ્યા છે સતત 'સ્કીમાં'માં ફેરફાર!! ટેક્સ પ્રોફેશનલ્સ ખાસ કરીને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે ત્રસ્ત

## જો કે હવે ઓડિટ માટેની તારીખ વધારવામાં આવતા ટેક્સ પ્રોફેશનલ્સ ખાસ કરીને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને રાહત




તા. ૦૭.૦૧.૨૦૨૨: ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ ઓડિટ રિપોર્ટ અપલોડ કરવાની મુદ્દત ૧૫ જાન્યુઆરી ૨૦૨૨ છે. આ મુદ્દત સુધીમાં ઓડિટ રિપોર્ટ દાખલ ના કરવામાં આવે તો કરદાતાઓને મોટો દંડ લાગી શકે છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સહિતના ટેક્સ પ્રોફેશનલ્સ અત્યારે દિવસ-રાત એક કરી પોતાના અસીલની આ ઓડિટ રિપોર્ટની કામગીરી સમયસર પૂરી કરવા મહેનત કરી રહ્યા છે. હવે આવા સમયે વારંવાર ઓડિટ રિપોર્ટ તથા રિટર્ન ઓનલાઈન અપલોડ કરવાની 'સ્કીમાં'માં ફેરફાર કરવાંની આ પદ્ધતિથી ખૂબ પરેશાન થઈ ગયા હોય તેવી માહિતી મળી રહી છે. ૦૬ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ, જ્યારે માત્ર ઓડિટ અપલોડ કરવાની મુદ્દતમાં માત્ર ૯ દિવસ બાકી હોય ત્યારે ફરી ઈન્કમ ટેક્સ ઓડિટ રિપોર્ટની સ્કીમાંમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ ફેરફાર થતાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા તૈયાર કરી રાખેલા ઓડિટ રિપોર્ટમાં પણ ફેરફાર કરવો જરૂરી બની જશે. શું આ પ્રકારના સુધારા 'સ્કીમાં'માં મુદ્દત નજીક હોય ત્યારે કરવાં જરૂરી છે? શું આ પ્રકારના સુધારા તથા ફેરફાર દર વર્ષે સતત કરતાં રહેવા જરૂરી છે? શું નાણાકીય વર્ષ શરૂ થાય તે પહેલા આ તમામ સુધારાઓ અંગે 'સ્કીમાં'માં જરૂરી ફેરફાર કરવાની જવાબદારી ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટના પોર્ટલનું સંચાલન કરતી કંપનીની ના હોવી જોઈએ? આ તમામ પ્રશ્ન ટેક્સ પ્રોફેશનલ્સમાં ચર્ચાનો વિષય બની ગયા છે. સંપૂર્ણ વર્ષમાં ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર ટેકનિકલ ખામીઓ બાબતે અનેક ફરિયાદો ઉઠી હતી. હવે સતત કરવામાં આવી રહેલા 'સ્કીમાં'ના ફેરફારોએ ટેક્સ પ્રોફેશનલ્સ માટે સ્થિતિ બદથી બદ્દતર કરી નાંખી છે. આ પ્રકારે મુદ્દત નજીક હોય ત્યારે ઈન્કમ ટેક્સ ઓડિટ રિપોર્ટ તથા ઈન્કમ ટેક્સ રિટર્નની 'સ્કીમાં'માં ફેરફારો કરવામાં ના આવે તેવી માંગ ઉઠી રહી છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

# ૦૧ જાન્યુઆરીથી પેટ્રોલ-ડીઝલના વેપારીઓ માટે આવી રહ્યા છે મહત્વના ફેરફારો જે જાણવા છે જરૂરી

## પેટ્રોલ, ડીઝલ, CNG, દારૂ સહિત જી.એસ.ટી. હેઠળ સમાવિષ્ટ ના કરવામાં આવેલ છ ચીજ વસ્તુના વેપાર સાથે જોડાયેલ વેપારીઓ માટે માસિક રિટર્ન ફરજિયાત




તા. ૧૦.૦૧.૨૦૨૨: ગુજરાત મૂલ્ય વર્ધિત કાયદા (વેટ) હેઠળ ૦૧ જાન્યુઆરી ૨૦૨૨ થી મહત્વના ફેરફારો કરવામાં આવી રહ્યા છે. જી.એસ.ટી. હેઠળ સમાવિષ્ટ ના કરવામાં આવેલ છે ચીજ વસ્તુઓના તમામ વેપારીઓને આ નિયમો લાગુ પડશે. આ નિયમોમાં ફેરફારની વાત કરીએ તો હવે આ તમામ વેપારીઓએ ફરજિયાત માસિક રિટર્ન ભરવાના રહેશે. આ તમામ માસિક રિટર્ન ભરવાની સમયમર્યાદા પણ ઘટાડી જે તે મહિનો પૂરો થયાના ૩૦ દિવસ કરી આપવામાં આવી છે. આમ, જાન્યુઆરી મહિનાથી દરેક મહિનાના વેટ રિટર્ન ભરવાની મુદ્દત જે તે મહિનો પૂરો થયાથી માત્ર ૩૦ દિવસની રહેશે. આ ઉપરાંત પેટ્રોલ, ડીઝલ તથા એવિએશન ટર્બાઈન ફ્યુઅલ સાથે સંકળાયેલ વેપારીઓએ ફોર્મ ૨૦૧, ૨૦૧ A, B, C ઉપરાંત ફોર્મ ૨૧૨ તથા ૨૧૩ માં અલગથી પોતાના 'મોટર સ્પિરિટ' કાયદા હેઠળના રિટર્ન પણ ભરવાના રહેશે. વેરાની ચુકવણી જે તે મહિનો પૂરો થયાના ૧૨ દિવસમાં કરવાની રહેશે.આ અંગે વાત કરતાં રાજકોટના જાણીતા ટેક્સ એડવોકેટ પૌરવ પોપટ જણાવે છે કે 'મોટર સ્પિરિટ' હેઠળના ફોર્મ ૨૧૨-૨૧૩ હવે દૂર થાય તે જરૂરી છે. ઉપરાંત 'કમર્શિયલ ટેક્સ પોર્ટલ' પર રિટર્ન ભરવામાં સતત ટેકનિકલ ક્ષતિઓ પડી રહી છે. આ વેબસાઇટને પણ દુરસ્ત કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. હવે જ્યારે નવા નિયમો લાગુ થતાં રિટર્ન ભરવાની સમયમર્યાદા ઘટી રહી હોય ત્યારે વેપારીઓ તથા ખાસ કરીને ટેક્સ પ્રોફેશનલ્સને પડી રહેલી વેબસાઇટ અંગેની તકલીફો દૂર થાય તે ખૂબ જરૂરી છે.

ઉલ્લેખનિય છે કે, પેટ્રોલ-ડીઝલ જેવી છ ચીજવસ્તુઓનો સમાવેશ જી.એસ.ટી. હેઠળ કરવામાં આવ્યો નથી. આ ચીજવસ્તુઓ ઉપર હજુ રાજ્યનો વેટ લાગુ પડે છે. વેટ હેઠળ વેરો ભરવાની મુદ્દત જે તે મહિના પછીના ૧૨ દિવસ જ હોય આ વેરો ભરવામાં રાજ્યભરના ઘણા વેપારીઓ મોડુ કરતાં હોવાની માહિતી મળી રહી છે. આ માટે ગુજરાત વેટ ડિપાર્ટમેંટ દ્વારા હવે આ વેપારીઓ ઉપર નજર રાખવા ખાસ એકમ બનાવ્યું હોવાના અહેવાલો મળી રહ્યા છે. પેટ્રોલ ડીઝલ સહિત આ વેટ હેઠળ સમાવિષ્ટ ચીજવસ્તુઓના વેપારીઓએ હવે રિટર્ન ભરવામાં તથા ટેક્સ ભરવામાં વધુ સતર્ક રહેવું પડશે તે ચોક્કસ છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

# ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ હવે વિગતો આપવા કે જવાબ રજૂ કરવા કરદાતાને રૂબરૂ બોલાવી શકશે નહીં

## કોઈ પણ કરદાતાને માત્ર ઈ મેઈલ દ્વારા જ મોકલવામાં આવશે નોટિસ




તા. ૧૫.૧૨.૨૦૨૧: ઈન્કમ ટેક્સ હેઠળ સ્ક્રૂટીની તથા અપીલ છેલ્લા વર્ષોથી સંપૂર્ણ પણે ઓનલાઈન બનાવી આપવામાં આવી છે. આમ, કરદાતાના ચોપડાની વિગતવાર તપાસ માટે થતી સ્ક્રૂટીની તથા કરદાતા દ્વારા કે કરદાતા સામે કરવામાં આવેલ અપીલની વિધિ ઓનલાઈન તથા ફેસલેસ કરવી ફરજિયાત છે. હવે આ ડિજિટલાઈઝેશનમાં એક વધુ કડી જોડવામાં આવેલ છે. ૧૩ ડિસેમ્બર ૨૦૨૧થી કરદાતા પાસેથી મેળવવાની થતી કોઈ પણ વિગતો હવે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા ઈ મેઈલ દ્વારા જ મેળવવાની રહેશે. હવે ઈન્કમ ટેક્સ હેઠળ સમન્સ દ્વારા રૂબરૂ ઉપસ્થિત રહેવા તથા વિગતો આપવા પણ જણાવી શકશે નહીં. ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ પાસે કરદાતાના વ્યવહારોની માહિતી હોય જેના ઉપર ડિપાર્ટમેંટને ખુલાસાની જરૂર હોય તો તેઓ કરદાતાને ઈ મેઈલ દ્વારા વિગતો આપવા જણાવી શકે છે. આ વિગતોમાં કોઈ પણ સંજોગોમાં કરદાતા કે તેના વતી અધિકૃત વ્યક્તિ અધિકારીને રૂબરૂ મળી શકશે નહીં. કરદાતા દ્વારા કોઈ ખાસ સંજોગોમાં રૂબરૂ ઉપસાથિત રહેવાની માંગ કરવામાં આવેલ હોય તો પણ આ ઉપસ્થિતિ માત્ર વિડીયો કોન્ફરન્સ દ્વારા જ કરવાની રહેશે. કરદાતા તરફથી પૂરી પાડવામાં આવેલ માહિતી જો સંતોષકારક જણાશે તો ઓનલાઈન વિગતો માંગવામાં આવેલ કાર્યવાહી પડતી મૂકી આપવામાં આવશે. જ્યારે કરદાતા તરફથી પૂરી પાડવામાં આવેલ માહિતી કે જવાબ સંતોષકારક લાગે નહીં તો ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ કાયદા મુજબ તેની યોગ્ય ચકાસણી કરવાની વિધિ ફેઈસલેસ સ્ક્રૂટીની દ્વારા હાથ ધરશે.

આ અંગે વાત કરતાં ઉના તથા વડોદરા ખાતે ઈન્કમ ટેક્સ અંગેની પ્રેક્ટિસ કરતાં CA ચિંતન પોપટ જણાવે છે કે ''આ સ્કીમ ચોક્કસ આવકારપાત્ર છે પરંતુ આ સ્કીમમાં થોડી વહીવટી મુશ્કેલી પડે તેવું હું માનું છું. ઉના જેવા નાના શહેરમાં કે જ્યાં મોટાભાગના કરદાતાઓ ઈ મેઈલ નો ઉપયોગ કરતાં ના હોય, ત્યાં માત્ર ઈ મેઈલ દ્વારા જ થતાં કરદાતા આ નોટિસ ચૂકી જાય તેવી પ્રબળ સંભાવના રહેલી છે. આ સ્કીમમાં રજિસ્ટર્ડ ઈ મેઈલ એડ્રેસ તરીકે ક્યાં ઈ મેઈલ એડ્રેસને ગણવું તે અંગે અધિકારીને વિવિધ વિકલ્પો આપવામાં આવ્યા છે. જ્યારે કરદાતાના જેટલા ઉપલબ્ધ ઈ મેઈલ હોય તેમાં તમામમાં નોટિસ આપવી મારા મતે જરૂરી ગણાય. ઈ વેરિફિકેશન સ્કીમ ૨૦૨૧માં આ સુધારો કરવો ખૂબ જરૂરી છે''.

૧૩ ડિસેમ્બરે બહાર પાડવામાં આવેલ 'ઈ વેરિફિકેશન સ્કીમ-૨૦૨૧' સાથે જ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ લગભગ તમામ બાબતોમાં ફેસલેસ બની ગયું છે. કરદાતાને સરળતા તથા ભ્રષ્ટાચાર ઓછો કરવા ઉઠાવવામાં આવેલ આ તમામ પગલાં લાંબાગાળે ચોક્કસ ફાયદાકારક સાબિત થશે તે ચોક્કસ છે પરંતુ આ નવી વિધિઓ ટૂંકા ગાળામાં તો કરદાતા તથા ટેક્સ પ્રોફેશનલ્સ માટે નવી નવી મુશ્કેલી ઊભી કરશે તે શક્યતા પણ નકારી શકાય નહીં.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

### પોર્ટલ ઉપર લાગી રહેલી લેઈટ ફી બાબતે

# જેતપુરના વેપારીઓ દ્વારા કરવામાં આવી ગુજરાત હાઈકોર્ટમાં રિટ

## જી.એસ.ટી. નોટિફિકેશનથી વિપરીત પોર્ટલ લેઈટ ફી લગાડતું હોવાથી વેપારીઓ દ્વારા હાઈકોર્ટના દ્વારા ખટાવવામાં આવ્યા! સરકારને આપવામાં આવી નોટિસ



તા.૬-૧-૨૦૨૨: જી.એસ.ટી. લાગુ થયો છે ત્યારથી જી.એસ.ટી. પોર્ટલ ઉપર અનેક તકલીફોનો સામનો વેપારીઓ એ કર્યો છે. જી.એસ.ટી. કાયદા હેઠળ માઈગ્રેશન નોટીફીકેશન ૩૧/૨૦૧૮ હેઠળ માઈગ્રેટ થયા હોય તે ડીલર ને ૪૫/૨૦૧૮ અને ૪૭/૨૦૧૮ મુજબ વેપારીઓને લેઈટ ફી ભરવામાં રાહત આપવામાં આવી હતી. આ નોટિફિકેશન હેઠળ લેઈટ ફી ભરવાની ના થાય આમ છતાં પોર્ટલે જેતપુરના બે વેપારીઓ પાસેથી લેઈટ ફી ઉઘરવવામાં આવી હતી. આ અંગે અનેક વાર જી.એસ.ટી. ડિપાર્ટમેંટમાં આ મુદ્દા પર રજૂઆત કર્યા બાદ જેતપુરના બે વેપારીઓએ ગુજરાત હાઈકોર્ટમાં ઘા નાંખી છે. ગુજરાત હાઈકોર્ટના વકીલ રાજ તન્ના તથા લલિત ગણાત્રા મારફતે સ્પેશિયલ રીટ પીટીશન દાખલ કરેલ જે અંગે આજરોજ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમ્યાન જસ્ટિસ પારડીવાલાની બેન્ચ દ્વારા સરકારને નોટિસ આપી જવાબ રજૂ કરવા જણાવવામાં આવ્યું છે. આ કેસની હવે પછીની સુનાવણી ૧૯/૦૧/૨૨ના રોજ હાથ ધરવામાં આવશે.

આ અંગે વાત કરતાં કરદાતા વતી ઉપસ્થિત તેમના વકીલ રાજ તન્નાએ જણાવ્યુ હતું કે આ કેસમાં પોર્ટલ દ્વારા વસૂલવામાં આવેલ લેઈટ ફી ગેરકાયદેસર છે. જેતપુરના ટેક્સ કન્સલ્ટન્ટ લલિત ગણાત્રા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ''આ પ્રકારે ૭૫૦૦૦ જેવી ફી ગેર કાયદેસર ઉઘરાવવામાં આવી હોવાના અનેક કિસ્સા છે.

આવા કરદાતાઓ એ પણ આ અંગે હાઈકોર્ટમાં લડવા અંગે વિચરવું જોઈએ તે જરૂરી છે''. નિષ્ણાતો આ કેસને કરદાતાઓ માટે ખૂબ મહત્વનો માની રહ્યા છે. આ કેસ ઉપર સૌની નજર રહેશે તે બાબત ચોક્કસ છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

# એકથી વધુ ઘર ખરીદવામાં આવ્યા હોય તો પણ કરદાતાને ઈન્કમ ટેક્સ હેઠળ કલમ ૫૪ની કરમુક્તિનો લાભ મળેઃ દિલ્હી ટ્રિબ્યુનલ (આકારણી વર્ષ ૨૦૧૩-૧૪ માટે)



ઈન્કમ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (ITAT)ની દિલ્હી બેંચે એક કેસમાં આદેશ કરતાં જણાવવામાં આવ્યું છે કે ૩ અલગ-અલગ રહેણાંક મકાનોની ખરીદીના સંદર્ભમાં ઈન્કમ ટેક્સ હેઠળ કલમ ૫૪ હેઠળની મુક્તિ મળવાપાત્ર છે. કરદાતા સુનંદન કુમાર મિનોચાએ ૪ એકમો ધરાવતા ૪ ફલેટ બનાવ્યા હતા. આ ચાર ફલેટ પૈકી દરેક માલ ઉપર એક ફલેટ આવેલ હતો. નાણાકીય વર્ષ ૧૯૯૫-૯૬માં આ ચાર ફલેટ ખરીદવામાં આવ્યા હતા. આ ૪ એકમોમાંથી, કરદાતાએ વર્ષ દરમિયાન ૩ એકમોનું વેચાણ કર્યું હતું. આ ફલેટના વેચાણથી લાંબા ગાળાના મૂડી નફો ઉદભવ્યો હતો. આ મિલ્કત સામે કરદાતાએ ત્રણ નવી રહેણાંકી મિલ્કત ખરીદી હતી. આ મૂડી નફા સામે કરદાતાએ ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૫૪ હેઠળ કરમુક્તિનો દાવો કર્યો હતો. જેના પરિણામે લાંબા ગાળાનો મૂડી લાભ 'શૂન્ય' થયો છે. AO એ અવલોકન કર્યું કે કરદાતાએ શહેરના ૩ અલગ અલગ સ્થળોએ તેના ૩ એકમોની વેચાણની આવકનું રોકાણ કર્યું છે અને તેથી, ૫૪ હેઠળ કપાત ઉપલબ્ધ થાય નહીં. આ માટે કારણ દર્શાવતા આકારણી અધિકારી "a residential house" શબ્દ ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. તેઓના માટે ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૫૪ એ માત્ર એક રહેણાંક મકાનમાં કરવામાં આવેલ રોકાણ સંદર્ભે ઉપલબ્ધ છે. આકારણી અધિકારી દ્વાર આ નિર્ણય માટે વિવિધ ચુકાદાઓ તથા ફાઇનાન્સ એક્ટ, ૨૦૧૪ની સમજૂતી નોંધને ધ્યાનમાં લેવામાં આવી હતી. આકારણી અધિકારી ૧,૦૪,૮૬,૭૧૪/-ની ત્રણ પૈકી સૌથી ઊંચી કિંમત ધરાવતા માત્ર એક ફલેટ સુધી કપાતનો દાવો મર્યાદિત કર્યો અને તે મુજબ, તેમણે રૂ. ૪૯,૬૨,૪૯૦/- ની રકમની કરમુક્તિ નામંજૂરનું કરવામાં આવી હતી. આ સામે કરદાતા દ્વારા કમિશ્નર અપીલને આપીલ કરવામાં આવી હતી. પ્રથમ અપીલ નામંજૂર થતાં કરદાતા દ્વારા દિલ્હી ટ્રાઈબ્યુનલ સમક્ષ અપીલ કરવામાં આવી હતી. દિલ્હી ટ્રાઈબ્યુનલે ઠરાવ્યું હતું કે ''એક રહેણાંક મકાન'' (a residential house) અભિવ્યક્તિને એક અર્થમાં સમજવાની છે કે મકાન રહેણાંક હોવું જોઈએ અને રહેણાંક શબ્દને એક વચન તરીકે તેનું અર્થઘટન થવું જોઈએ નહીં. બીજી બાજુ, ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટની દલીલ એ હતી કે ''એક રહેણાંક મકાન''ને એક રહેણાંક મકાન તરીકે ગણવામાં આવવું જોઈએ અને કાયદામાં લાવવામાં આવેલો સુધારો w.e.f. ૦૧.૦૪.૨૦૧૫ માત્ર સ્પષ્ટીકરણ છે. ટ્રાઈબ્યુનલના પ્રેસિડેન્ટ, જી.એસ.પાનુ અને ન્યાયિક સભ્ય અમિત શુક્લાએ આ મહત્વની બાબત ઉપર ચુકાદો આપતા ઠરાવ્યું હતું કે કરદાતા ૩ અલગ-અલગ રહેણાંક મકાનોની ખરીદી અને ફાઇનાન્સ એક્ટ, ૨૦૧૪માં લાવવામાં આવેલા સુધારાના સંદર્ભમાં ૫૪ હેઠળ મુક્તિના દાવા માટે પાત્ર છે. ફાઇનન્સ એક્ટ ૨૦૧૪ થી લાવવામાં આવેલ સુધારો એ ૦૧.૦૪.૨૦૧૫ થી લાગુ પડશે. આકારણી વર્ષ ૨૦૧૩-૧૪ એટ્લે કે કરદાતાના કિસ્સામાં આ સુધારો લાગુ પડશે નહીં.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે.**

# વેપારીઓ માટે આવી ગઈ છે નવી મુસીબત. હવે GSTR 2A/2Bમાં નહીં દર્શાવે બિલ તો નહીં મળે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ

**તા. ૦૬.૦૧.૨૦૨૨:**

જી.એસ.ટી. લાગુ થયાને ૪ વર્ષ ઉપરનો સમય થવા આવ્યો છે. વન નેશન-વન ટેક્સ-વન માર્કેટ ના સૂત્ર સાથે વેપારીઓને સિમલેસ ઈન્પુટ ક્રેડિટ મળી રહે તે હેતુથી જી.એસ.ટી. લાગુ કરવામાં આવેલ હતો. આજે જ્યારે ૪ વર્ષ બાદ આ ઈન્પુટ ટેક્સ ક્રેડિટના નિયમો જોવામાં આવે તો સિમ લેસ ક્રેડિટ રોકવા ખૂબ મોટા પ્રમાણમા પ્રયાસો થયા હોય તેવું પ્રતીત થાય છે.

ઈન્પુટ ટેક્સ ક્રેડિટ રોકવા/અટકાવવા અંગેના નિયમોમાં હાલ એક ખૂબ મોટો નિયમ લાગુ થવા જઈ રહ્યો છે. જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬(૨) માં ક્લોઝ (aa) ઉમેરવામાં આવેલ છે. આ નવી જોગવાઈ મુજબ વેપારીની ખરીદીની વિગતો જ્યાં સુધી તેઓના વેચનાર વેપારી દ્વારા ઓનલાઈન અપલોડ નહીં કરવામાં આવે તથા આ વિગતો ખરીદનાર વેપારીના જે તે મહિનાના GSTR 2Aમાં નહીં દર્શાવેલી હોય ત્યાં સુધી ખરીદનાર વેપારી જે તે બિલની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લઈ શકશે નહીં. આ નવી જોગવાઈ ૦૧ જાન્યુઆરી ૨૦૨૧થી લાગુ થવા જઈ રહી છે. આ જોગવાઈના અમલ અંગે CBIC દ્વારા તા. ૨૧.૧૨.૨૦૨૧ના રોજ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. જી.એસ.ટી. હેઠળ આ ફેરફાર તો નાણાકીય વર્ષ ૨૦૨૧ના બજેટમાં જ કરી આપવામાં આવ્યો હતો. પરંતુ આ જોગવાઈના અમલની તારીખ બહાર પાડવામાં આવી ના હતી. હવે ૨૧ ડિસેમ્બર ૨૦૨૧ના નોટિફિકેશન દ્વારા આ અન્યાયી જોગવાઈ લાગુ કરવાની તારીખ પણ બહાર પાડવામાં આવી ગઈ છે.

**શું કરવા આ જોગવાઈને ગણવામાં આવી રહી છે અન્યાયી??**

કોઈ વેપારી જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ હોય, અન્ય વેપારી પાસેથી જી.એસ.ટી.ની ચુકવણી કરી ખરીદી કરે અને આ ખરીદી જી.એસ.ટી. કાયદા હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળવાને પાત્ર હોય ત્યારે માત્ર વેચનાર વેપારી દ્વારા આ વેચાણ દર્શાવવામાં ના આવ્યું હોય તેવા કારણસર ખરીદનારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બ્લોક કરવામાં આવશે. શું આ પ્રમાણે બ્લોક કરવામાં આવેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અન્યાયી ના ગણાય?? મને ખાત્રી છે કે આપ સૌ વાંચકોનો આ બાબતનો જવાબ આવશે હા!! આ જોગવાઈ ચોક્કસ અન્યાયી ગણાય. જી.એસ.ટી. હેઠળની આ જોગવાઈ પ્રખ્યાત ગુજરાતી કહેવત યાદ કરવી આપે... પાડાના વાંકે પખાલીને ડામ

**શું કરવા લાગુ કરવામાં આવી છે આ પ્રકારની જોગવાઈ?**

જી.એસ.ટી. લાગુ થયો છે ત્યારથી અવારનવાર જી.એસ.ટી ચોરીના સમાચારો વાંચવા જોવા સાંભળવા મળી રહ્યા છે. સતત જી.એસ.ટી. હેઠળ બોગસ બિલિંગ દ્વારા ખોટી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વેપારીઓએ લીધી હોવાના અહેવાલો મળી રહ્યા છે. આ પ્રકારના જી.એસ.ટી. હેઠળ કરચોરીના દૂષણને ડામવા આ પ્રકારની કડક જોગવાઈઓ બનાવવામાં આવી રહી છે.




**વેચનાર પોતાનું વેચાણ ના દર્શાવે તો ખરીદનાર પાસે છે કોઈ વિકલ્પ??**

જી.એસ.ટી. લાગુ થયો ત્યારે રિટર્ન ભરવાની છે પદ્ધતિ દાખલ કરવામાં આવી હતી તે પદ્ધતિ હેઠળ જો વેચનાર કોઈ ઇંવોઇસ (બિલ) પોતાના GSTR-1 (વેચનનું રિટર્ન) માં ના દર્શાવે અને આ કારણે ખરીદનારના GSTR-2A માં આ ખરીદી ના દર્શાવતી હોય તો વેચનાર પાસે GSRT-2 ભરી વેચનારને જાણ કરવાનો વિકલ્પ હતો. જી.એસ.ટી હેઠળ રિટર્ન ભરવાની આ પદ્ધતિ બંધ કરી દેવામાં આવી છે. હાલ, GSTR-2 જેવી કોઈ પદ્ધતિ અમલમાં નથી જેના દ્વારા ખરીદનાર વેપારી વેચનાર વેપારીને તેઓએ ના દર્શાવેલ વેચાણ બાબતે સિસ્ટમ ઉપર જાણ કરી શકે. વેપાર જગતમાં એવું જોવા મળી રહ્યું છે કે ખરીદનાર વેપારી એક વાર પોતાની ખરીદી જી.એસ.ટી.આર. 2Aમાં દર્શાવવામાં આવે ત્યારબાદ જ વેચનારને ટેક્સની રકમ ચૂકવતા હોય છે. પરંતુ આવું દરેક વેપારી કે દરેક વ્યવહારમાં વ્યાવહારિક રીતે શક્ય હોતું નથી. ખાસ કરીને જ્યારે બે અજાણ્યા વેપારીઓ વચ્ચે જ્યારે ખરીદ વેચાણના વ્યવહારો થાય ત્યારે આ પ્રમાણે જી.એસ.ટી.ની રકમ બાકી રાખવા વેચનાર વેપારી તૈયાર થતાં હોય નહીં. હાલ, માત્ર ખરીદનાર પાસે વેચનારને ચૂકવવાના થતાં જી.એસ.ટી. બાકી રાખવા સિવાય કોઈ વિકલ્પ રહેલો નથી. આ બાબત ખરીદનાર માટે ખૂબ મુશ્કેલી ઊભી કરી શકે છે.

**આ જોગવાઈનો અમલથી થશે કાયદાકીય યુદ્ધના મંડાણ!!**

નિષ્ણાંતો માની રહ્યા છે કે આ જોગવાઈના અમલ સાથે દેશની વિવિધ હાઈકોર્ટસમાં મોટા પ્રમાણમા રિટ પિટિશન તથા પબ્લિક ઇન્ટરેસ્ટ લીટીગેશન થવાની શક્યતાઓ રહેલી છે. ઉપર આ લેખમાં જણાવેલ છે તેમ આ જોગવાઈ નાણાકીય વર્ષ ૨૦૨૧ ના ફાઈનન્સ એક્ટમાં બહાલ કરવામાં આવી હતી. પરંતુ કોઈ પણ કારણસર આ જોગવાઈનો અમલ શરૂ કરવાની તારીખ બહાર પાડવામાં વિલંબ કરવામાં આવી રહ્યો હતો. ટેક્સ પ્રોફેશનલ્સ એવી આશા સેવી રહ્યા હતા કે આ જોગવાઈ ઉપર આવનારા બજેટમાં ફેર વિચારણા કરવામાં આવી શકે છે. પરંતુ હવે જ્યારે ૦૧ જાન્યુઆરી ૨૦૨૨થી આ જોગવાઈની અમલવારી શરૂ કરવા જાહેર કરવામાં આવી છે ત્યારે આ મુદ્દા ઉપર મોટા પ્રમાણમાં વેપારીઓએ હાઈકોર્ટના દ્વારા ખટખટાવવા પડશે તેવી શક્યતા ઊભી થઈ શકે છે.

**GSTR-1માં થતી ભૂલો બનશે ખરીદનાર માટે મુસીબતઃ**

જી.એસ.ટી. કાયદા હેઠળ વેચનાર વેપારીએ પોતાના ટર્નઓવરની મર્યાદા ધ્યાને લઈ માસિક કે ત્રિમાસિક GSTR-1 ભરવાનું થતું હોય છે. આ ફોર્મ ભરવામાં થતી સામાન્ય 'ક્લેરિકલ ભૂલો'ના કારણે ખરીદનારને મોટું આર્થિક નુકસાન થવાની સંભાવના પણ ઊભી થઈ શકે છે. એ બાબત જાણવી જરૂરી છે કે વેચનાર વેપારી, જે નાણાકીય વર્ષમાં વેચાણ થયું હોય તે વર્ષ પૂર્ણ થયા પછીના વર્ષના સપ્ટેમ્બર મહિનાના GSTR-1 સુધી જ પોતાના વેચાણો અંગેની વિગતો પોર્ટલ ઉપર દર્શાવી શકે છે. વેચનાર દ્વારા ખરીદનારને કરવામાં આવેલ કોઈ ક્લેરિકલ ભૂલ જો આ સમય મર્યાદા સુધી વેચનાર વેપારીના ધ્યાને ના આવે તો આ સામાન્ય જણાતી ક્લેરિકલ ભૂલ ખરીદનાર માટે મોટી આર્થિક નુકસાનીનું કારણ બની જશે.

**સમય સંજોગોના કારણે GSTR-1 ભરવામાં થયેલ મોડુ ખરીદનાર માટે ક્રેડિટ લેવામાં વિલંબરૂપ સાબિત થશેઃ**

હાલ, જી.એસ.ટી. હેઠળ પ્રવર્તમાન નિયમો અનુસાર ખરીદનાર પોતાના GSTR 2Aમાં દર્શાવવામાં આવેલ વેચાણથી ૧૦૫% જેટલી ક્રેડિટ લઈ શકે છે. હવે ૦૧ જાન્યુઆરીથી ખરીદનાર પાસે આ ૧૦૫% જેટલી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવાનો વિકલ્પ પણ રહેશે નહીં. GSTR 2A/2B માં દર્શાવેલ હશે તેટલી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવા જ ખરીદનાર હક્કદાર બનશે. સિમેન્ટ જેવા ખૂબ ઓછા નફા વાળા પરંતુ ખૂબ ઊંચા દરે જી.એસ.ટી.ને પાત્ર ધંધાનું ઉદાહરણ લઈએ તો જથ્થાબંધ વેચાણ કરનાર વાગલે ટ્રેડર્સ દ્વારા જો પોતાના ૧ કરોડ જેવુ વેચાણ દર્શાવતુ વેચાણનું રિટર્ન (GSTR 1) ભરવામાં પોતાની પુત્રીના લગ્ન પ્રસંગના કારણે વિલંબ થાય તો તેમની પાસેથી ખરીદનાર વેપારીઓ ઉપર આ વિલંબના કારણે ૨૮ લાખ જેવી મતબાર રકમ રોકાઈ જવાની સ્થિતિ ઊભી થઈ જશે. આમ, દીકરીના લગ્ન તો વાગલે ટ્રેડર્સ ને તા હતા પરંતુ આ લગ્ન નો બોજ તેમના વિવિધ ખરીદનાર ઉપર પડશે!! ધંધા સારા નરસા પ્રસંગોના કારણે, કોઈ વ્યાવહારિક મુશ્કેલીઓના કારણે GSTR 1 ભરવામાં થયેલ વિલંબ પણ ખરીદનાર માટે આર્થિક બોજા રૂપ સાબિત થશે અને ધંધાની વર્કિંગ કેપિટલ ઉપર આની વિપરીત અસર પડશે તે બાબત ચોક્કસ છે.

**ભારતીય બંધારણના અનુછેદ ૧૯(૧)(g) નો ગણાય ભંગ?**

કાયદાકીય નિષ્ણાંતો માની રહ્યા છે કે જી.એસ.ટી. કાયદા હેઠળ આ જોગવાઈનો અમલ થવાથી ભારતીય બંધારણ હેઠળ દરેક નાગરિકને આપવામાં આવેલ ધંધો કરવાંના અધિકારનો ભંગ ગણાય. ભારતીય બંધારણના અનુછેદ ૧૯(૧)(g) હેઠળ ભારતના દરેક નાગરિકને ધંધો કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. દેશની સર્વોચ્ચ અદાલતે અનેક કેસોમાં એવું પ્રતિપાદિત કર્યું છે કે વગર રોક-ટોકે ધંધા કરવાનો અધિકાર ભારતીય બંધારણ હેઠળ ભારતના દરેક નાગરિકને આપવામાં આવ્યો છે અને આ અધિકારમાં સરકારને તરાપ મારવાની સત્તા માત્ર ખાસ સંજોગોમાં અને જાહેર હિત માટે જ આપવામાં આવી છે. આ જોગવાઈનો અમલ થશે ત્યારે ખરીદનારને પોતાની ભૂલ ના હોય તેવા સંજોગોમાં, પોતાની પાસે કોઈ પણ વિકલ્પ ના હોવા છતાં વેચનારની ભૂલોના કારણે નુકસાન સહન કરવાનો વારો આવશે તે બાબત ચોક્કસ છે.

**કરચોરી ડામવી ચોક્કસ છે જરૂરી પણ આ કરચોરી ડામવામાં વેપાર જગતને ડામ આપવો છે અનુચિત**

જી.એસ.ટી. લાગુ થયો છે ત્યારથી કરચોરીના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. આ કિસ્સાઓ ઉપરાંત હજુ ઘણા વ્યવહારો એવા હશે જેમાં મોટા પ્રમાણમા કરચોરી આચરવામાં આવતી હશે. આ કરચોરી ડામવી ચોક્કસ જરૂરી છે તેમાં કોઈ બે મત નથી. પરંતુ આ કરચોરી ડામવા ઉઠાવવામાં આવતા પગલાં જોઈ એવું જણાઈ રહ્યું છે કે આ પગલાંથી વેપાર જગતને મોટો ડામ પડી રહ્યો છે. આ પગલાઓથી કરચોરીનું પ્રમાણ ઘટશે તેમાં કોઈ શંકા નથી પરંતુ આ પ્રકારના પગલાંથી નિર્દોષ વેપારીઓને પણ મોટા અને ક્યારેક મરણતોલ ફટકા પડી શકવાની સંભાવના પણ નકારી શકાય નહીં. કોઈ વ્યક્તિને જ્યારે આંગળીમાં દુખાવો થતો હોય ત્યારે આંગળીનો ઈલાજ કરવો ચોક્કસ જરૂરી છે પરંતુ આ આંગળીનો દુખાવો દૂર કરવા હાથ કાપી નાંખવો એ ક્યારેય યોગ્ય ના ગણી શકાય!!

# જી.એસ.ટી. હેઠળ માલના સપ્લાયનું સ્થળ (Place of supply of goods) થાય કેવી રીતે નક્કી?? વાંચો આ વિશેષ લેખ

**By અલ્કેશ જાની**
**તા.૨૦-૧૨-૨૦૨૧**

કોઈ વ્યવહાર ઉપર CGST-SGST લાગુ પડે કે IGST તે બાબતે આ લેખ બનશે વાંચકો માટે ખાસ ઉપયોગી

GST સપ્લાય (પુરવઠો) અને ગંતવ્ય આધારિત છે,ગંતવ્ય એટલે કે મંજિલ, પહોંચવાનું સ્થળ, અંતિમ મુકામ, છેવટનું સ્થળ વગેરે. માલની હેરફેર વગર વ્યવસાય કે ધંધો કરવો લગભગ અશક્ય છે. આ લેખમાં આપણે Ex-factory ડિલિવરી જેમાં માલનું હેરફેર સામેલ છે તે કિસ્સામાં સપ્લાયનું સ્થળ કયું હશે તેના વિષે ચર્ચા કરીશું.




આને ઉદાહરણ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ, અમદાવાદના M/s. AHD (GST સાથે રજિસ્ટર થયેલ છે) પેટ બોટલના ઉત્પાદનમાં રોકાયેલ છે. M/s. MAH (GST સાથે રજિસ્ટર થયેલ છે) મુંબઈના M/s. AHD સાથે પેટ બોટલ ખરીદવા માટે સોદો કરવામાં આવ્યો છે અને M/s. AHD ફેક્ટરીના ગેટ (Ex-factory) પર ઇચ્છિત જથ્થો આપવા સંમત થાય છે. M/s. AHD, M/s. MAHના GSTIN અને મુંબઈના સરનામા સાથે ઇનવોઇસ જારી કરે છે અને ફેક્ટરીના ગેટ પર માલ આપે છે.

પ્રશ્ન છે કે સપ્લાયનું સ્થળ કયું હશે રાજ્યાંતર્ગત (રાજ્યની અંદર) કે આંતરરાજ્ય (એક રાજ્ય થી બીજા રાજ્ય) અને શું CGST + SGST લાગશે કે IGST?

ઉપરોક્ત પ્રશ્નનો જવાબ મેળવવા માટે, આપણે પહેલા CGST Act, ૨૦૧૭ની કલમ ૯ (૧) પર એક નજર નાખવી જોઈએ. CGST Act, ૨૦૧૭ની કલમ-૯(૧)માં માનવ વપરાશ માટે આલ્કોહોલિક દારૂના સપ્લાય સિવાય માલ અને/અથવા સેવાઓના તમામ 'ઇન્ટ્રા-સ્ટેટ' (રાજ્યાંતર્ગત, રાજ્યની અંદર) સપ્લાય પર CGST અને SGST વસૂલવાની જોગવાઈ કરવામાં આવી છે. વધુમાં, IGST Act, ૨૦૧૭ની કલમ ૫(૧)માં માનવ વપરાશ માટે આલ્કોહોલિક દારૂના સપ્લાય સિવાય માલ અને/અથવા સેવાઓના તમામ 'ઇન્ટર સ્ટેટ' (આંતર-રાજ્ય) સપ્લાય પર IGST વસૂલવાની જોગવાઈ કરવામાં આવી છે.

IGST Act, ૨૦૧૭ની કલમ ૭(૧), ૭(૨) અને ૮(૧), ૮(૨)માં 'ઇન્ટરસ્ટેટ' અને 'ઇન્ટ્રા-સ્ટેટ' સપ્લાયની સ્પષ્ટ વ્યાખ્યા કરવામાં આવી છે. આ જોગવાઈનું સારાંશ જણાવે છે કે, જ્યાં 'સપ્લાયરનું સ્થાન' અને 'સપ્લાયનું સ્થળ' એક જ રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં છે, ત્યાં પુરવઠાને 'ઇન્ટ્રા-સ્ટેટ' સપ્લાય માનવામાં આવશે અને જ્યાં તે વિવિધ રાજ્યોમાં અથવા વિવિધ કેન્દ્રશાસિત પ્રદેશોમાં અથવા રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં છે, ત્યાં પુરવઠાને 'ઇન્ટર સ્ટેટ' સપ્લાય તરીકે વર્ગીકૃત કરવામાં આવશે. આમ, 'સપ્લાયનું સ્થળ' અને 'સપ્લાયરનું સ્થાન' નક્કી કરે છેકે, સપ્લાયને 'ઇન્ટ્રા-સ્ટેટ' સપ્લાય અથવા 'ઇન્ટર સ્ટેટ' સપ્લાય તરીકે ગણી શકાય છે કે નહીં.

હવે આપણે IGST Act, ૨૦૧૭ની કલમ ૧૦(૧)(a)ને વાંચને લઈએ જેમાં માલના 'સપ્લાયનું સ્થળ' નક્કી કરવા સંબંધિત જોગવાઈ છે જેમાં સપ્લાયમાં માલની હેરફેર શામેલ છે. તે નીચે રજુ કરવામાં આવ્યું છેઃ

"10. (1)The place of supply of goods, other than supply of goods imported into, or exported from India, shall be as under –

(a) where the supply involves movement of goods, whether by the supplier or the recipient or by any other person, the place of supply of such goods shall be the location of the goods at the time movement of goods terminates for delivery to the recipient."

અહીંયાં માલ આપનાર ફેક્ટરી ગેટ ઉપર માલની ડિલિવરી આપે છે, તેને હેરફેર સમાપ્ત થઈ ગઈ છે તેમ ન કહી શકાય કારણકે તે માલનું ગંતવ્ય એટલે કે અંતિમ મુકામ નથી. જો ઉપર આપેલી જોગવાઈને ધ્યાનથી વાંચતા તેવું ફલિત થાય છે કે 'where the supply involves movement of goods' તેના પછી 'whether by the supplier or by recipient' શબ્દ વાપરવામાં આવ્યા છે, તેનો અર્થ એવો થાય કે, ફેક્ટરી ગેટ ઉપર માલ આપ્યા પછી માલ લેનાર તે માલને ગંતવ્ય સ્થાન એટલે કે અંતિમ મુકામ, ઈન્વોઈસમાં આપેલા સરનામા સુધી પહોંચાડવાની જવાબદારી લે છે. અન્ય કોઈ વ્યક્તિ જેમ કે ટ્રાન્સપોર્ટર લેનાર અથવા આપનાર વતી એને અમુક સ્થાન સુધી પહોંચાડવાની જવાબદારી લે છે, તેથી માલનું ગંતવ્ય સ્થાન એટલે કે અંતિમ મુકામ લેનારના સરનામે, ડિલિવરી આખરે સમાપ્ત થઈ ગણાય, તેથી માલની ડિલિવરી આખરે જ્યાં સમાપ્ત થાય છે તેને માલના સપ્લાયનું સ્થળ ગણવામાં આવશે.

ઉપર આપેલી જોગવાઈ અને તેના વિશેષણ મુજબ ઉપર આપેલા ઉદાહરણમાં તેને 'ઇન્ટર સ્ટેટ' સપ્લાય ગણવામાં આવશે અને સપ્લાયનું સ્થળ, ઇન્વોઇસમાં આપ્યા મુજબ મહારાષ્ટ્ર ગણવામાં આવશેઅને તેના પર IGST લાગશે.

આ કિસ્સાનું અર્થઘટન TSAAR Order No. ૦૩/૨૦૨૦ તારીખ ૦૨.૦૩.૨૦૨૦ તેલંગણ દ્વારા આપેલા એડવાન્સ રૂલિંગના આધારે લીધેલો છે. જોકે એડવાન્સ રૂલિંગ માત્ર અરજદાર અને તેના અધિકાર ક્ષેત્રના અધિકારી પૂરતું જ સીમિત હોય છે, પણ તેમાં આપેલા અર્થઘટનનો, જ્યાં સુધી કોઈ ઉચ્ચ ન્યાયીક ચુકાદો ન આવે ત્યાં સુધી, આધાર લઈ શકાય.

**(લેખક જી.એસ.ટી. ઉપર જાણીતા બ્લોગર છે. તેઓના જી.એસ.ટી. ઉપરના લેખો https://janialkesh.blogspot.com ઉપર વાંચી શકાય છે)**

(**ડિસ્ક્લેમરઃ** લેખમાં આપવામાં આવેલ અર્થઘટન એ લેખકના જી.એસ.ટી. કાયદા હેઠળના અંગત અભિપ્રાય છે. આ લેખ વાંચી, કરદાતા કે અન્ય કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં કે ના કરવામાં આવેલ કામ બાબતે લેખક કે પ્રકાશક (ટેક્સ ટુડે) કોઈ પણ રીતે જવાબદાર રહેશે નહીં.)

# કરદાતાની જી.એસ.ટી. નોંધણી નંબરની અરજી રદ કરવાના આદેશ સામે કડક વલણ દર્શાવતી અલ્હાબાદ હાઈકોર્ટઃ કરદાતાને હેરાનગતિ કરવા બદલ સરકારને કર્યો ૧૫૦૦૦નો દંડ

## જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો મેળવવામાં પડી રહેલી ટેકલીફ બાબતે રાહત આપતો અલ્હાબાદ હાઈકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો



તા. ૧૧.૦૧.૨૦૨૨: જી.એસ.ટી. કાયદા હેઠળ નોંધણી દાખલો મેળવવામાં વિવિધ દસ્તાવેજો જેવા કે PAN કાર્ડ, આધાર કાર્ડ, ધંધાની માલિકીના પુરાવા તરીકે વેરા પહોચ અથવા ઇલેક્ટ્રીક બિલની જરૂર રહેતી હોય છે. આ દસ્તાવેજો પૂરા પાડી નોંધણી દાખલો મેળવવા ઓનલાઈન અરજી કરી હોવા છતાં ઘણા કરદાતાઓની અરજી એક યા બીજા કારણોસર રદ્દ થઈ હોવાના અનેક કિસ્સા બની રહ્યા છે. કાયદા તથા નિયમોમાં નિર્દિષ્ટ પુરાવાઓ ઓનલાઈન અપલોડ કર્યા હોવા છતાં નોંધણી દાખલો આપવામાં ગલ્લા-તલ્લા થતાં હોવાની અનેક ફરિયાદો મળતી રહે છે. ગુજરાત રાજ્યની વાત કરીએ તો જી.એસ.ટી. ચોરી અંગેના કેસો જેમ જેમ બહાર આવી રહ્યા છે તેમ તેમ આ નોંધણી દાખલો આપવાની વિધિ વધુને વધુ કડક બનાવવામાં આવી રહી છે.

ઉત્તર પ્રદેશ ખાતે આ પ્રકારે નોંધણી દાખલા મેળવવા અંગેની અરજી રદ કરવાના કિસ્સામાં કરદાતા રંજના સિંઘ દ્વારા માનનીય અલ્હાબાદ વડી અદાલતના દ્વારા ખટ ખટાવવામાં આવ્યા હતા. આ કેસમાં વાડી અદાલત દ્વારા ખૂબ મહત્વનો ચુકાદો આપતા અધિકારી દ્વારા જી.એસ.ટી. નોંધણી દાખલો મેળવવાની અરજી રદ કરતાં આદેશને જ રદબાતલ ઠેરવ્યો હતો. એટલું જ નહીં રાજ્ય સરકારના જી.એસ.ટી. (સ્ટેટ જી.એસ.ટી.) ડિપાર્ટમેંટ ઉપર કરદાતાને થયેલ હેરાનગતિ બદલ ૧૫૦૦૦/-નો દંડ પણ લગાડ્યો હતો. જી.એસ.ટી. ડિપાર્ટમેંટને આ દંડ જે તે અધિકારી પાસેથી વસૂલ કરવા પણ છૂટ આપવામાં આવી હતી.

આ કેસની વિગતવાર વાત કરીએ તો કરદાતાએ જી.એસ.ટી. કાયદા હેઠળ નોંધણી દાખલો મેળવવા જરૂરી પુરાવાઓ સાથે ૧૭ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ ઓનલાઈન અરજી કરેલ હતી. આ અરજી ઉપરથી ૧૫-૦૯-૨૦૨૧ ના રોજ કરદાતાની ધંધાની જગ્યાનું નિરીક્ષણ (સ્પોટ વિઝિટ) પણ રાજ્ય જી.એસ.ટી. દ્વારા હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ કરદાતાને અમુક વધુ વિગતો આપવા કારણદર્શક નોટિસ આપવામાં આવી હતી. આ નોટિસનો જવાબ દયાને લઈ કરદાતાની નોંધણી દાખલો મેળવવાની અરજી ઇલેક્ટ્રીક બિલ ના જોડેલ હોવાના કારણે રદ્દ કરવામાં આવી હતી. આ આદેશ સામે કરદાતા દ્વારા અપીલ કરવામાં આવી હતી. આ અપીલ પણ અપીલ અધિકારી દ્વારા નામંજૂર કરવામાં આવી હતી. આ બાબત ઉપર જ કરદાતા દ્વારા અલ્હાબાદ હાઈકોર્ટમાં રિટ પિટિશન દાખલ કરવામાં આવી હતી.

કરદાતા વતી તેમના એડવોકેટ દ્વારા ધારદાર દલીલો રજૂ કરી કોર્ટ સમક્ષ જણાવ્યુ હતું કે કરદાતા દ્વારા જી.એસ.ટી. કાયદાની કલમ ૨૫ હેઠળ મરજિયાત પણે નોંધણી દાખલો મેળવવા અરજી કરેલ હતી. જી.એસ.ટી. નિયમોના નિયમ ૮ તથા ૯ હેઠળ નિયત તમામ દસ્તાવેજો કરદાતા દ્વારા પૂરા પાડવામાં આવ્યા હતા. આ નિયમ હેઠળ ધંધાની જગ્યાની વેરા પહોચ અથવા ઇલેક્ટ્રીક બિલ બન્નેમાંથી એક આપવું ફરજિયાત છે. અધિકારી દ્વારા કરદાતાને આપવામાં આવેલ કારણદર્શક નોટિસમાં પણ મકાન વેરાની પહોચ અથવા ઇલેક્ટ્રીક બિલ રજૂ કરવાં જણાવવામાં આવ્યું હતું. આ બે પૈકી એક પુરાવા કરદાતા દ્વારા રજૂ પણ કરવામાં આવ્યા છે. આવા સંજોગોમાં માત્ર ઇલેક્ટ્રીક બિલ ના હોવાના કારણે મરજિયાત નોંધણી નંબર મેળવવાની અરજી રદ કરવી યોગ્ય નથી. કરદાતાએ કરેલ અપીલમાં પણ અપીલ અધિકારી દ્વારા પણ અધિકારીનો નોંધણી દાખલો રદ્દ કરતો આદેશ માન્ય રાખ્યો હતો.

રિટ પિટિશન નો ચુકાદો આપતા માનનીય અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા ઠરાવ્યું હતું કે રાજ્ય અધિકારી દ્વારા નોંધણી દાખલો ના આપવાનો નિર્ણય યોગ્ય નથી. આ નિર્ણય કરદાતાને હેરાનગતી ઊભી કરવાં કરવામાં આવ્યો હોય તેવું જણાય આવે છે. કોર્ટ દ્વારા એવું પણ ખાસ જણાવવામાં આવ્યું હતું. કરદાતાને હેરાનગતી ઊભી કરવાનું વલણ ક્યારેય સ્વીકારી શકાય નહીં. અધિકારીને ફરી નોંધણી દાખલો મેળવવાની અરજી ઉપર કાયદા મુજબના પુરાવાઓ ધ્યાને લઈ આ આદેશ મળ્યા ના ૭ દિનમાં આદેશ કરવાં જણાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજ્ય સરકારના જી.એસ.ટી. ડિપાર્ટમેંટ ઉપર ૧૫૦૦૦/- ખર્ચ પેટે ચૂકવવા પણ આદેશ કરવામાં આવ્યો હતો. આ ખર્ચની રકમ જી.એસ.ટી. ડિપાર્ટમેંટ અધિકારી પાસેથી પણ વસૂલ કરી શકે તેવી છૂટ આપવામાં આવી છે.

જી.એસ.ટી. લાગુ થયો છે ત્યારથી કરચોરીના અનેક કૌભાંડ બહાર આવી રહ્યા છે. આ કૌભાંડ રોકવાના હેતુથી જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો આપવામાં જી.એસ.ટી. ડિપાર્ટમેંટ ખૂબ કડક બની ગયું છે. આ કડક વલણના કારણે કરચોરો માટે તો મુશ્કેલી વધી જશે પરંતુ પ્રમાણિક કરદાતાઓ માટે હેરાનગતીમાં વધારો થઈ રહ્યો છે તે ચોક્કસ છે. કરચોરીને ડામવા સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવે તે સ્વાભાવિક છે અને જરૂરી પણ છે પણ આ કરચોરી ડામવાની પદ્ધતિના કારણે વેપાર જગતને ડામ પડી રહ્યો છે. મરજિયાત નોંધણી દાખલો લેવા અરજી કરતાં અસંખ્ય કરદાતા એવા છે કે જે કરદાતાઓ એક વાર નોંધણી દાખલાની અરજી રદ થાય પછી ફરી નોંધણી લેવા અરજી કરતાં નથી. આ મરજિયાત ધોરણે નોંધણી દાખલા માટે અરજી કરતાં કરદાતાઓ ફૂલ નહીં તો ફૂલ ની પાંખડી સ્વરૂપે ટેક્સ ચોક્કસ આપવાના હતા. હવે સરકારી તિજોરી ને થઈ રહેલા આ નુકસાન માટે જવાબદાર કોણ??? એવા પણ કિસ્સા સામે આવ્યા છે જેમાં કંપોઝીશન હેઠળ વેરો ભરવા જવાબદાર કરદાતાના પણ નોંધણી નંબર રદ કરવામાં આવ્યા છે!! એક તરફ સરકાર જી.એસ.ટી.ની આવક વધારવા પ્રયાસો કરવા જી.એસ.ટી. અધિકારીઓ ને દબાણ કરી રહી હોવાની માહિતી મળી રહી છે જ્યારે બીજી તરફ આ પ્રકારે નોંધણી નંબરની અરજી રદ કરવામાં આવી રહી છે. આ બન્ને બાબતો એક બીજાની તદ્દન વિરુદ્ધ સાબિત થઈ રહી છે. જી.એસ.ટી. નોંધણી દાખલો સરળતાથી આપી આર્ટિફિશિયલ ઇંટેલિજન્સ દ્વારા નવા નંબર મેળવી ટૂંકા સમયમાં મોટું ટર્નઓવર કરી રહેલા કરદાતાઓ ઉપર વધુ સાવચેત બની નજર રાખવામા આવે તો આ કરચોરીનું દૂષણ દૂર કરવું શક્ય બનશે તેવું નિષ્ણાંતો માની રહ્યા છે. જી.એસ.ટી. નોંધણી દાખલો લેવામાં પડી રહેલી મુશ્કેલી માટે માનનીય અલ્હાબાદ હાઈકોર્ટનો આ ચુકાદો ઉપયોગી સાબિત થશે.

**ભવ્ય પોપટ, એડવોકેટ**

RP Web Solutions
RP WEB SOLUTIONS
Website For Everyone...
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.

ઈન્કમ ટેક્સ રિટર્ન નિયમિત ભરવાના છે અનેક ફાયદા.... વાંચો આ વિશેષ લેખ

# ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા શરૂ કરવામાં આવેલ ફેર આકારણીના ૧૩૪૬ કેસોની નોટિસ અયોગ્ય ઠરાવતી દિલ્હી હાઈકોર્ટ

## ઈન્કમ ટેક્સ રિટર્ન લેઈટ ફી વગર ભરવાની મુદ્દત ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ છે. ત્યારબાદ લેઈટ ફી સાથે ભરવું પડશે રિટર્ન

તા. ૧૬.૧૨.૨૦૨૧: ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ અમુક વ્યક્તિઓ તથા અમુક સંજોગોમાં ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત રહેતું હોય છે. વ્યક્તિગત કરદાતા તથા H U F કરદાતાની આવક જો કરપાત્ર મર્યાદાથી વધુ હોય તો તેવા સંજોગોમાં તેમના માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત બની જતું હોય છે. જ્યારે વ્યક્તિ કે HUF સિવાયના કરદાતા જેવા કે ભાગીદારી પેઢી, લિમિટેડ લાયાબિલિટી પાર્ટનરશિપ (LLP) તથા કંપની માટે આવક હોય કે ના હોય ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત હોય છે. આ લેખમાં ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાના ફાયદા વિષે વાંચકોને સમજ આપવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.







**લોન લેવામાં ઈન્કમ ટેક્સ રિટર્નની ઉપયોગિતા**

જ્યારે કોઈ વ્યક્તિ ઘર, ગાડી કે અન્ય કોઈ પણ લોન લેવા કોઈ બેન્ક પાસે જાઈ ત્યારે આ ઈન્કમ ટેક્સ રિટર્ન અતિ ઉપયોગી સાબિત થતું હોય છે. બેન્ક દ્વારા જે તે વ્યક્તિ કેવી રીતે લોનના હપ્તાની ચુકવણી કરશે તેનો અંદાજ ઈન્કમ ટેક્સ રિટર્ન ઉપરથી લગાવવામાં આવતો હોય છે. સામાન્ય રીતે બેન્કમાં ત્રણ વર્ષના રિટર્ન માંગવામાં આવતા હોય છે. આ માટેનું મુખ્ય કારણ એ છે કે કરદાતાના ત્રણ વર્ષના આવક ઉપરથી સરેરાશ આવક નક્કી કરી શકાય. આમ, જો નિયમિત રિટર્ન ભરવામાં આવે તો આ પ્રકારે બેન્ક લોન લેવામાં ઈન્કમ ટેક્સ રિટર્ન ખૂબ ઉપયોગી બને છે. હાલ, માત્ર એક નાણાકીય વર્ષનું રિટર્ન જ ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર ભરી શકાય છે. હાલ કરદાતા માત્ર નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ નું નાણાકીય રિટર્ન ભરી શકે છે. ઘણી વાર ટેક્સ પ્રોફેશનલ્સ પાસે અસીલો આવી બેન્ક લોન માટે વધુ રિટર્નની જરૂર હોય એક થી વધુ રિટર્ન ભરવાં આગ્રહ કરતાં હોય છે. પરંતુ આ બાબતે એ જાણવું ખૂબ જરૂરી છે કે એક સાથે એક રિટર્ન ભરવું જ હાલ શક્ય છે. એક થી વધુ રિટર્ન એક સાથે ભરી શકાય તેમ ના હોય આ બાબતે યોગ્ય આયોજન કરી સમયસર રિટર્ન ભરવામાં આવે તે ખૂબ જરૂરી છે.

**મૂડી ઊભી કરવાંમાં ઈન્કમ ટેક્સ રિટર્નની ઉપયોગિતા:**

ઈન્કમ ટેક્સ રિટર્ન નિયમિત ભરવામાં આવે તો વ્યક્તિ સારી એવી મૂડી ઊભી કરી શકે છે. આ મૂડી તેઓ પોતાની જરૂરિયાત પ્રમાણે મિલ્કત ખરીદીમાં, વિવિધ રોકાણ કરવામાં, વિદેશ પ્રવાસો માટે કે અન્ય કોઈ પણ હેતુ માટે ઉપયોગ કરી શકે છે. આમ, વ્યક્તિની આવક ટેકસેબલ મર્યાદાથી ઓછી હોય તો પણ ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું જોઈએ તેવું ઘણા નિષ્ણાંતો સલાહ આપતા હોય છે.

**વિદેશાગમન માટે આવકના પુરાવા તરીકે મહત્વનો પુરાવો:**

વ્યક્તિ પોતે પોતાના પરિવાર માટે જ્યારે વિદેશ ફરવા કે અભ્યાસ કરવા જવા માટે વિઝા માટે અરજી કરે ત્યારે ઈન્કમ ટેક્સ રિટર્ન મહત્વનો પુરાવો સાબિત થતું હોય છે. વ્યક્તિની આવક બાબતે સૌથી વધુ સ્વીકાર્ય પુરાવા તરીકે ઈન્કમ ટેક્સ રિટર્નને માનવમાં આવે છે. વ્યવસ્થિત આયોજન કરીને ભરવામાં આવેલ ઈન્કમ ટેક્સ રિટર્નના કારણે વિઝાની વિધિ સરળતાથી તથા વધુ સકારાત્મક રીતે પૂરી થઈ શકે છે.

**અન્ય ફાયદાઓ:**

ઈન્કમ ટેક્સ રિટર્ન ઘણી જગ્યાએ એડ્રેસ પ્રૂફ તરીકે પણ ઉપયોગી બનતા હોય છે. આ ઉપરાંત ઈન્સ્યોરન્સ ક્લેમમાં પણ ઈન્કમ ટેક્સ રિટર્ન ઉપયોગી થતાં હોય છે. જે વ્યક્તિનો ટેક્સ કોઈ અન્ય વ્યક્તિ દ્વારા કાપવામાં આવ્યો હોય તેઓ ઈન્કમ ટેક્સ રિટર્ન ભરી આ કપાયેલ ટેક્સનું રિફંડ મેળવી શકે છે.

**શું PAN હોય એટ્લે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત છે?**

આ પ્રશ્ન ટેક્સ પ્રોફેશનલ્સને વારંવાર તેઓના અસીલ પૂછતાં હોય છે કે શું PAN ધરાવતા હોય તેવા વ્યક્તિગ્ત કરદાતાને ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત છે??. આ પ્રશ્નનો જવાબ છે ના. વ્યક્તિગત કરદાતા માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું એવા સંજોગોમાં જ ફરજિયાત છે જ્યારે તેઓની આવક કરપાત્ર મુક્તિ મર્યાદાથી વધુ હોય. હાલ કરપાત્ર મુક્તિ મર્યાદા ૨,૫૦,૦૦૦ છે. આમ, અઢી લાખથી વધુ આવક હોય તેવા વ્યક્તિગત કરદાતાએ ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત છે. માત્ર, PAN કાર્ડ હોય એટ્લે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત નથી.

**ખાસ સંજોગોમાં ઈન્કમ ટેક્સ રિટર્ન બને ફરજિયાત**

ઈન્કમ ટેક્સ હેઠળ અમુક ખાસ સંજોગોમાં ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત બનાવવામાં આવ્યું હોય છે. નીચેના સંજોગોમાં અમક મુક્તિ મર્યાદાથી ઓછી હોવા છતાં ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત બની જાય છે.

- વિદેશમાં કોઈ મિલ્કત ધરાવતા હોય ત્યારે,
- ભારત બહાર કોઈ બેન્ક એકાઉન્ટમાં સહી કરવાની સત્તા હોય ત્યારે,
- એક કે તેથી વધુ કરંટ ખાતામાં ૧ કરોડથી વધુ રકમ બેન્ક ખાતામાં જમા કરવવામાં આવી હોય ત્યારે,
- બે લાખથી વધુ ખર્ચ વિદેશ પ્રવાસ પાછળ કરવામાં આવ્યો હોય તેવા સંજોગોમાં
- એક લાખથી વધુ ઈલેક્ટ્રીક બિલની વર્ષ દરમ્યાન ચુકવણી કરવામાં આવી હોય ત્યારે,

**મોટા આર્થિક વ્યવહાર કર્યા હોય તો ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું છે હિતાવહ:**

કોઈ વ્યક્તિએ નાણાકીય વર્ષમાં મોટા આર્થિક વ્યવહાર કરેલ હોય તો ઈન્કમ ટેક્સ રિટર્ન ભરી આપવું ખાસ હિતાવહ છે. ૧૦ લાખ કે તેથી વધુ રકમ સેવિંગ ખાતામાં જમા કરાવેલ હોય, ૫૦ લાખ કે તેથી વધુ રકમ કરંટ ખાતામાં જમા કરાવેલ હોય, ૩૦ લાખ કે તેથી વધુ રકમની સ્થાવર મિલ્કતનો ખરીદ કે વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ હોય, ૧ લાખનું ક્રેડિટ કાર્ડ બિલ રોકડમાં ચૂકવ્યું હોય અથવા વર્ષ દરમ્યાન ચૂકવવામાં આવેલ ક્રેડિટ કાર્ડ બિલ ૧૦ લાખથી વધુ હોય તેવા મોટા આર્થિક વ્યવહાર અંગેની જાણ વિવિધ એજન્સી જેવી કે બેન્ક, સબ રજીસ્ટ્રાર ઓફિસ વી દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને કરવામાં આવતી હોય છે. આ વિગતોને ઈન્કમ ટેક્સ હેઠળ AIR એટલે કે 'એન્યુઅલ ઈન્ફોર્મેશન રિપોર્ટ'ની માહિતી તરીકે ઓળખવામાં આવતી હોય છે. આ AIR ની માહિતી ઈન્કમ ટેક્સ પાસે કોઈ પણ વ્યક્તિ માટે ઉપલબ્ધ હોય અને તે વ્યક્તિ પોતાનું ઈન્કમ ટેક્સ રિટર્ન ના ભારે તો તેવા વ્યક્તિને નોટિસ આવવાની સંભાવના ખૂબ વધી જતી હોય છે. આ સાપેક્ષમાં જો આવા વ્યક્તિ પોતાનું રિટર્ન ભરી આપે તો આવા વ્યવહારો કર્યા હોવા છતાં ઈન્કમ ટેક્સ નોટિસ આવવાની સંભાવના ખૂબ ઓછી થઈ જતી હોય છે.

**૩૧ ડિસેમ્બર પહેલા ઈન્કમ ટેક્સ રિટર્ન ભરી લેઈટ ફી બચાવવી છે જરૂરી:**

કોઈ પણ નાણાકીય વર્ષનું ઈન્કમ ટેક્સ રિટર્ન તે પછીના નાણાકીય વર્ષના અંત સુધી ભરી શકાય છે. ઉદાહરણ તરીકે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ નું ઈન્કમ ટેક્સ રિટર્ન ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી ભરી શકાય છે. પરંતુ આ રિટર્ન ડ્યુ ડેઈટ સુધીમાં ભરવું જરૂરી છે. સામાન્ય રીતે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાનઇ ડ્યુ ડેઈટ નાણાકીય વર્ષ પછીની ૩૧ જુલાઇ રહેતી હોય છે. આ વર્ષ ઈન્કમ ટેક્સ પોર્ટલની તકલીફો ના કારણે ડ્યુ ડેઈટ ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે. ૩૧ ડિસેમ્બર પછી જો આ રિટર્ન ભરવામાં આવે તો ૫૦૦૦ ની લેઈટ ફી ભરવાની જવાબદારી ઊભી થઈ શકે છે. જો કે જે કરદાતાઓને ઈન્કમ ટેક્સ હેઠળ ઓડિટ કરાવવું ફરજિયાત હોય તેવા કરદાતા માટે રિટર્ન ભરવાની મુદ્દત ૧૫ ફેબ્રુઆરી છે. તેવી રીતે નિયત મર્યાદાથી નીચે આવક ધરાવતા કરદાતા એટ્લે કે અઢી લાખથી કે તેથી ઓછી આવક ધરાવતા કરદાતાઓ ઉપર આ લેઈટ ફી લાગુ પડતી નથી.

**એક થી વધુ વર્ષના ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છૂટ આપવામાં આવે તેવી ઉઠી રહી છે માંગ:**

હાલ, ઈન્કમ ટેક્સના નિયમો મુજબ માત્ર છેલ્લા એક વર્ષનું ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છૂટ આપવામાં આવે છે. અગાઉ વ્યક્તિ બે વર્ષ સુધીના રિટર્ન એક સાથે ભરી શકતા હતા. હાલ ના નિયમમાં છૂટ આપી ઓછામાં ઓછા બે વર્ષના ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છૂટ આપવામાં આવે તેવી માંગ કરદાતાઓમાં સતત ઉઠી રહી છે. બેન્ક લોન માટે, રિફંડ ક્લેઈમ કરવા જેવા કામ માટે આ મુદ્દત વધારો કરવો જરૂરી છે તેવું નિષ્ણાંતો માની રહ્યા છે.

ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની મુદ્દત નજીક હોય દરેક વ્યક્તિ ઉપરોક્ત બાબતો ધ્યાને લઈ પોતાનું ઈન્કમ ટેક્સ રિટર્ન સમયસર ભારે તે ઈચ્છનીય છે. નિયમિત તથા સમયસર ભરવામાં આવેલ ઈન્કમ ટેક્સ વ્યક્તિ માટે ઉપયોગી સાબિત થતાં હોય છે તે બાબતે કોઈ બે મત નથી.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપાર વિશ્વ પૂર્તિમાં તારીખ ૧૩.૧૨.૨૦૨૧ ના રોજ પ્રકાશિત થયેલ છે)**

# દિલ્હી હાઈકોર્ટ પાસે આ કેસોમાં ઊભો થયેલ કાયદાકીય પ્રશ્નઃ શું કાયદા કે નિયમોથી ઉપરવટ જોગવાઈ ખુલાસાઓ કે જાહેરનામા દ્વારા બહાર પાડી શકાય?

અંદાજે ૧૩૪૬ જેટલા કરદાતાઓ એ દિલ્હી હાઈકોર્ટ સમક્ષ રિટ પિટિશન દ્વારા દાદ માંગવામાં આવી હતી કે શું ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ કરવામાં આવેલ જોગવાઈ થી ઉપરવટ જાહેરનામું બહાર પાડી શકાય? જ્યારે કાયદો તથા જાહેરનામું બન્નેના અર્થઘટન અલગ અલગ થતાં હોય ત્યારે કાયદાથી વિરુદ્ધ હોય તેવું જાહેરનામું ટકી શકે ખરી??. આ બાબતે લાંબી દલીલો બાદ દિલ્હી હાઈકોર્ટ દ્વારા ૧૫ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ અતિ મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. આ ચુકાદાનો આદેશ ૧૦૬ પાનાંનો ખૂબ વિગતવાર આદેશ છે.




**કેસના તથ્યો:**

દિલ્હી હાઈકોર્ટ સમક્ષ ૧૩૪૬ જેટલા કરદાતાઓ દ્વારા રિટ પિટિશન કરવામાં આવી હતી જેમાં કોર્ટ પાસે ૩૧ માર્ચ ૨૦૨૧ બાદ આપવામાં આવેલ ફેરઆકારણીની નોટિસ રદ ઠેરવવા દાદ માંગવામાં આવી હતી. નાણામંત્રી નિર્મલા સિથારમણ દ્વારા બજેટ ૨૦૨૧માં ફેર આકારણીની સમયમર્યાદા ૬ વર્ષથી ઘટાડી ૩ વર્ષ કરી કરદાતાઓને રાહત આપવામાં આવી હતી. ઈન્કમ ટેક્સ કાયદામાં ફેરફાર કરી ફેર આકારણીની વિધિમાં સુધારો કરવામાં આવ્યો હોવા છતાં, ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા સેન્ટરલ બોર્ડ ઓફ ડિરેક્ટ ટેક્સ (CBDT)ના ૩૧.૦૩.૨૦૨૧ તથા ૨૭.૦૪.૨૦૨૧ ના જાહેરનામાનો તથા ખુલાસાનો સહારો લઈ કરદાતાઓને નોટિસ પાઠવવામાં આવી હતી. દિલ્હી હાઈકોર્ટ દ્વારા અમુક કેસોમાં અંતરીમ રાહત આપતા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટની કાર્યવાહી ઉપર સ્ટે પણ આમાં આવ્યો હતો.

**કરદાતા તરફે દલીલો:**

કરદાતા તરફે દલીલ કરતાં તેઓના એડવોકેટ્સ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે જ્યારે કાયદા ઘડનાર સંસદ દ્વારા સ્પષ્ટ રીતે ફેર આકારણીની જૂની જોગવાઈ ૩૧ માર્ચ ૨૦૨૧ બાદ દૂર કરવામાં આવી હોય અને ૦૧ એપ્રિલ ૨૦૨૧ થી ફેર આકારણી માટે સ્પષ્ટ રીતે નવી જોગવાઈ અમલી બનાવવામાં આવેલ હોય ત્યારે કોઈ નોટિફિકેશન કે ખુલાસાનો લાભ લઈ આપવામાં આવેલ નોટિસ માન્ય ગણાય નહીં. આ દલીલના સમર્થનમાં તેઓ દ્વારા વિવિધ ચૂકદાઓ પણ ટાંકવામાં આવ્યા હતા. તેઓ દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે ૦૧ એપ્રિલ ૨૦૨૧ પછી માત્ર આકારણી વર્ષ ૨૦૧૮-૧૯ (નાણાકીય વર્ષ ૨૦૧૭ ૧૮) ના કેસો માટે જ ફેર આકારણી કરી શકાય. તે પહેલાના વર્ષની ફેર આકારણી નવી જોગવાઇઓ મુજબ થઈ શકે નહીં. ભારત સરકાર દ્વારા ૩૧ માર્ચ ૨૦૨૧ તથા ૨૭ એપ્રિલ ૨૦૨૧ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામા એ કાયદા વિરુદ્ધના ગણાય તેવી દલીલ કરવામાં આવી હતી. ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ નવી દાખલ કરવામાં આવેલ ૧૪૮Aની જોગવાઈઓનું પાલન પણ આ નોટિસો આપવામાં થયેલ નથી તેવી દલીલ પણ કરદાતા તરફે કરવામાં આવી હતી.

**સરકાર તરફે દલીલો:**

બીજી તરફ સરકાર તરફે ઉપસ્થિત વકીલો દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટની નોટિસો યોગ્ય હોવાની દલીલ કરવામાં આવી હતી. તેઓએ કોર્ટને જણાવ્યુ હતું કે સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ ૩૧ માર્ચ ૨૦૨૧ તથા ૨૭ એપ્રિલ ૨૦૨૧ ના જાહેરનામા કોવિડ-૧૯ ની ખાસ પરિસ્થિતીને ધ્યાને રાખી બહાર પાડવામાં આવ્યા છે. છેલ્લા ૧૦૦ વર્ષની સૌથી મોટી મહામારીમાં કરદાતાઓ તથા અધિકારીઓ તમામને સરકાર દ્વારા વિવિધ રાહતો આપવામાં આવેલ છે. આ નોટિફિકેશન આ પ્રકારે અધિકારીઓને રાહત આપતું નોટિફિકેશન છે. સરકાર વતી ઉપસ્થિત વકીલો દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટની તરફેણના વિવિધ ચુકાદાઓ રજૂ કરવામાં આવ્યા હતા. ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા ૦૧ એપ્રિલ ૨૦૨૧ થી ૩૦ જૂન ૨૦૨૧ દરમ્યાન આપવામાં આવેલ નોટિસો યોગ્ય હોવાની દલીલ કરવામાં આવી હતી.

**દિલ્હી હાઈકોર્ટનો ચુકાદો:**

દિલ્હી હાઈકોર્ટ દ્વારા વિવિધ ૧૩૪૬ રીટ પિટિશનમાં ચુકાદો આપતા જણાવ્યુ હતું કે ૦૧.૦૪.૨૦૨૧ થી ફેર આકારણી માટે નવી જોગવાઈ અમલી બની ગઈ છે. ફાઇનન્સ એક્ટ ૨૦૨૧ માં ફેર આકારણી અંગેની નવી જોગવાઈઓના અમલની તારીખમાં વધારો કરવાં માટે CBDTને કોઈ સત્તા આપવામાં આવેલ નથી. આમ, ૩૧ માર્ચ તથા ૨૭ એપ્રિલ ૨૦૨૧ ના રોજ બહાર પાડવામાં આવેલ નોટિફિકેશન કાયદાથી વિરુદ્ધના ગણાય અને આ નોટિફિકેશન દ્વારા ફેર આકારણીની નોટિસની સમય મર્યાદા વધારવી યોગ્ય ગણી શકાય નહીં. આમ, દિલ્હી હાઈકોર્ટના આ ચુકાદા દ્વારા આ ૧૩૪૬ કરદાતાઓને તો રાહત મળી જ છે પરંતુ આ ઉપરાંત દેશની વિવિધ કોર્ટમાં પડતર આ બાબત પર ના ઘણા કેસો માટે આ કેસ સીમાચિન્હ રૂપ સાબિત થશે તે ચોક્કસ છે.


**જે કરદાતાઓ હાલ ફેર આકારણીની કાર્યવાહી માંથી પસાર થઈ રહ્યા હોય તેના માટે આ કેસની ઉપયોગિતા:**

માનનીય દિલ્હી હાઈકોર્ટનો આ કેસ એવા કરદાતાઓ માટે પણ ઉપયોગી સાબિત થશે, જે કરદાતાઓ ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ હાલ ફેર આકારણીની કાર્યવાહીમાં ઉપસ્થિત થઈ રહ્યા છે. જો કે અત્રે એ જાણવું ખૂબ જરૂરી છે કે જે કરદાતાઓને ફેરઆકારણીની નોટિસ ૩૧ માર્ચ ૨૦૨૧ પહેલા મળેલ છે તેઓને દિલ્હી હાઈકોર્ટનો આ ચુકાદો લાગુ પડશે નહીં. માત્ર ૦૧ એપ્રિલ ૨૦૨૧ બાદ જેઓને આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ (નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭) માટેની ફેર આકારણીની પહેલી નોટિસ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા બજાવવામાં આવેલ હોય તેઓને જ આ ચુકાદાનો લાભ મળશે.

**૦૧ એપ્રિલ પછી જે કરદાતાઓને નોટિસ મળેલ હોય તેઓ માટે રીટ પિટિશન અંગે વિચારવાની તક:**

જે કરદાતાઓને આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ (નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭)કે તે પહેલાના ફેર આકારણી અંગેની નોટિસ ૦૧ એપ્રિલ ૨૦૨૧ કે ત્યાર બાદ મળેલ હોય, તેવા કરદાતા દ્વારા અધિકારી સમક્ષ નોટિસ બાબતે કાર્યવાહીમાં ઉપસ્થિત થવાના શક્ય હોય તો પ્રથમ જવાબમાં જ નોટિસ સમય બહારની છે તે અંગે તકરાર કરવી જરૂરી છે. ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૨૯૨BB હેઠળ જો કોઈ કરદાતા ઈન્કમ ટેક્સ હેઠળની આકારણી કે ફેર આકારણીની કાર્યવાહીમાં ઉપસ્થિત થાય અથવા તો સહયોગ આપે ત્યારે આ આકારણી કે ફેર આકારણી આદેશ પસાર થયા બાદ નોટિસ યોગ્ય નથી, નોટિસની બજવણી સમયસર થયેલ નથી કે નોટિસની બજવણી યોગ્ય રીતે થયેલ નથી તેવી તકરાર લઈ શકે નહીં. નોટિસની અયોગ્યતા બાબતેની તકરાર આકારણી કે ફેર આકારણી પૂર્ણ થયા પહેલા ઉઠાવવી જરૂરી છે. આમ, એવા કરદાતા કે જેઓને ૦૧ એપ્રિલ ૨૦૨૧ બાદ, આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ કે તે પહેલાના વર્ષ માટે ફેર આકારણીની નોટિસ મળેલ છે તેઓએ આ નોટિસ યોગ્ય નથી અને સમય બહારની છે તે અંગેની તકરાર જલ્દીથી લેવી ખૂબ જરૂરી છે. આવા કરદાતા પોતાના ટેક્સ એડ્વોકેટ, CA કે ટેક્સ કન્સલ્ટન્ટને મળી પોતાના કેસમાં રિટ પિટિશનનો વિકલ્પ પણ તપાસે તે ઈચ્છનીય છે. દિલ્હી હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ રાહત આવા કરદાતાને પોતાના રિટ પિટિશનમાં ઉપયોગી બની શકે છે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની સોમવાર તા. ૨૦.૧૨.૨૦૨૧, સોમવારની વ્યાપાર ભૂમિ પૂર્તિમાં પ્રકાશિત થયેલ છે. )**



# મહેસાણા ખાતે સેન્ટ્રલ જી.એસ.ટી. સાથે ઓપન હાઉસનું આયોજનઃ વેપારીઓની સમસ્યાઓ ઉપર થઈ ચર્ચા

## જી.એસ.ટી. ડિપાર્ટમેંટ તરફથી વેપારીઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સની મુશ્કેલી દૂર કરવા સંપૂર્ણ સહકારની આપવામાં આવી ખાત્રી

તા.૧૯.૧૨.૨૦૨૧: તારીખ ૧૭-૧૨-૨૦૨૧ને શુક્રવારે બપોરે . વાગે જી.એસ.ટી. ભવન, માલગોડાઉન, મહેસાણા ખાતે વેપારી તથા ટેક્સ પ્રોફેશનલ્સના પ્રશ્નોને વાચા આપવા માટે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું. આ ઓપન હાઉસમાં નોર્થ ગુજરાત ટેક્સ પ્રેકટિશનર્સ આસોશિએસનના ભૂતપૂર્વ મહામંત્રી ટેક્ષ એડવોકેટ હર્ષદકુમાર વી ઓઝા, મહેસાણા સેલટેક્સ બાર એસોશિએશનના પ્રમુખ બાબુલાલ ઓઝા, ઊપપ્રમુખ પ્રવીણભાઈ નાયક, મંત્રી દશરથભાઈ પટેલ તેમજ એસોશિએશનના સક્રિય સભ્યો હાજર રહી વેપારીના પ્રશ્નોની અસરકારક રજૂઆત કરેલ હતી. જી.એસ.ટી. ડિપાર્ટમેન્ટ તરફથી આ મુશ્કેલીઓ દૂર કરવા સંપૂર્ણ સાથ અને સહકારની ખાત્રી આપવામાં આવેલ હતી. આ ઓપન હાઉસ ખૂબ સારી અને સફળતા પૂર્વક સંપન્ન થયેલ.

**હર્ષદકુમાર વી. ઓઝા-રિપોર્ટર, ટેક્સ ટુડે**

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના




**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**
**એડવોકેટ ભવ્ય પોપટ**

## 8th January-2022

### જી.એસ.ટી.

**અમારા અસીલનો ધંધો દૂધ વેચાણનો છે. દૂધ જી.એસ.ટી. હેઠળ NIL રેટેડ છે. તેઓનો આ સિવાય કોઈ કરપાત્ર વસ્તુનું વેચાણ કરતાં નથી. તેઓનું ટર્નઓવર ૪૦ લાખથી વધુ હોય તેઓ જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો મેળવવા જવાબદાર બને? – હિમાંશુ સોજીત્રા, એડવોકેટ, સુરત**

જવાબઃ ના, માત્રકરમુક્ત (નીલ રેટેડ–એકસેમ્પ્ટ) માલનું વેચાણ કરતાં કરડાટએ ટર્નઓવર ૪૦ લાખથી વધુ થતું હોય તો પણ જી.એસ.ટી. નોંધણી દાખલો ફરજિયાત લેવાની જવાબદારી આવે નહીં.

**અમારા અસીલ નમકીનના વિક્રેતા છે. તેઓએ વર્ષ ૨૦૦૫ માં માલની ડિલિવરી માટે એક મિનિ ટ્રક ખરીદેલ હતો. આટ્રકનું હવે વેચાણ કરવાનું છે. આ ટ્રકના ખરીદનાર જી.એસ.ટી. હેઠળ નોંધણી ધરાવતા નથી. આ વ્યવહાર ઉપર જી.એસ.ટી. કેવી રીતે ભરવાની જવાબદારી આવે? આ વ્યવહાર માટે ટેક્સ ઈંવોઈસ આપવું પડે? – ધર્મેશ પરમાર, ટેક્સ કન્સલ્ટન્ટ, જુનાગઢ**

જવાબઃ તમારા અસિલે ૨૦૦૫ માં ખરીદેલ મિનિ ટ્રકની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લીધી ના હોય, તમને માર્જિનલ સ્કીમનો લાભ મળે. વેચાણ કિમત તથા તે મિનિ ટ્રકની ઘસરા બાદ કિંમત (WDV)માં જે તફાવત હોય તેના ઉપર વેરો ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે. આ કિસ્સામાં જી.એસ.ટી. કાયદા હેઠળ ટેક્સ ઈંવોઈસ બનાવવાનું રહે અને જો વેરો શૂન્ય આવતો હોય તો શૂન્ય દર્શાવવી ટેક્સ ઈંવોઈસ બનાવવું જોઈએ તેવો અમારો મત છે.

**અમારા અસીલ ઓસ્ટ્રેલીયાની કંપનીને Web Design તથા Web Developing માટેની સેવાઓ પૂરી પાડે છે. તેઓ કોઈ એક કંપનીમાં પગારદાર વ્યક્તિ તરીકે નોકરી કરે છે જ્યારે બીજી કંપનીમાં કોન્ટ્રાક્ટ દ્વારા કામ કરે છે. તેઓની પગારની આવક અને કોન્ટ્રાકટની આવક બંને બેન્ક ખાતામાં ટ્રાન્સફર થાય છે. શું તેઓની પગારની આવક GSTR 1 તથા 3B માં દર્શાવવાની રહે? શું કોન્ટ્રાક્ટની આવક એ ''એક્સપોર્ટ ઓફ સર્વિસ'' ગણાય? કોન્ટ્રાક્ટની આવક જે માહિનામાં બેન્કમાં જમા થઈ હોય ત્યારે જ રિટર્નમાં એક્સપોર્ટ તરીકે બતાવવાની થાય? – સ્વીટી ભંડારી, ટેક્સ પ્રોફેશનલ, સુરત**

જવાબઃ જી.એસ.ટી. હેઠળ પગાર આવક GSTR 1 કે GSTR 3Bમાં દર્શાવવાની રહે નહીં. આ પ્રકારની સેવાના કોન્ટ્રાક્ટએ એક્સપોર્ટ ઓફ સર્વિસ ગણાય. જે માહિનામાં સર્વિસ પૂરી પાડવામાં આવી હોય તે માહિનાના રિટર્નમાં એક્સપોર્ટ તરીકે દર્શાવવાની રહે જોકે એડવાન્સ રકમ મળેલ હોય તો તે એડવાન્સ મળેલ હોય તે મહિનાના રિટર્નમાં એક્સપોર્ટ દર્શાવવાનું રહે તેવો અમારો મત છે.

### ઈન્કમ ટેક્સ

**અમારા અસીલ ઉત્પાદક છે. નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ માં જી.એસ.ટી. સાથે કુલ ટર્નઓવર ૧૦ કરોડથી વધુ થઈ ગયેલ છે. અમારા અસીલ ઉપર ઈન્કમ ટેક્સ હેઠળ TCSની જોગવાઈ ૨૦૨૧–૨૨ થી લાગુ પડે કે ૨૦૨૨–૨૩ થી લાગુ પડે? ૧૦ કરોડના ટર્નઓવરની ગણતરી કરવામાં વેચાણ પરત બાદ કરવાનું રહે કે નહીં? – હિત લિંબાણી, કચ્છ**

જવાબઃ પાછલા વર્ષનું ટર્નઓવરની ગણતરી કરવાં જી.એસ.ટી. બાદ કરી ટર્નઓવર ગણવાનું રહે. જો નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ટર્નઓવર ૧૦ કરોડથી વધુ થઈ જાય તો નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ થી TCSની જોગવાઈ લાગુ પડે તેવો અમારો મત છે. ટર્નઓવરની ગણતરીમાં સેલ્સ રિટર્ન બાદ કરીને ગણવાનું રહે તેવો અમારો મત છે.

## ૦૧ જાન્યુઆરી ૨૦૨૨

### જી.એસ.ટી.

**અમારા અસીલનું જી.એસ.ટી. રિટર્ન શરતચૂકથી ઓટો પોપ્યુલેટ આંકડા મુજબ અપલોડ થઈ ગયું છે. આ વાર્ષિક રિટર્નમાં ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવાની રહી ગઈ છે. હવે અમારી પાસે શું વિકલ્પ રહે? શું અમારા અસીલને ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવામાં કોઈ પ્રશ્ન ઊભો થઈ શકે?**

જવાબઃ જી.એસ.ટી. હેઠળ વાર્ષિક રિટર્ન રિવાઈઝ કરવાનો કોઈ વિકલ્પ નથી. હવે આ બાબતે પ્રેક્ટિકલી માત્ર એક સાચું રિટર્ન ભરી જ્યુરીસડીકશન ઓફિસ માં ઈનવર્ડ કરવવાનો વિકલ્પ રહેલો છે. જો કે GSTR 3B દ્વારા ક્લેઈમ કરવામાં આવેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વાર્ષિક ખોટું ભરવાના કારણે રોકી શકે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલ માલિકી ધોરણે બાંધકામનો ધંધા ધરાવે છે. તેઓ જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ છે. બાંધકામ પૂર્ણ થતાં હજુ તેઓ પાસે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બચી રહે છે. શું આ ક્રેડિટ પોતાના નવા ધંધામાં તબદીલ કરી શકે? શું આ રકમ નું રિફંડ મળી શકે? – શાહિદભાઈ એકાઉન્ટન્ટ, પાલનપુર**

જવાબઃ ના, હાલના બાંધકામના ધંધાની બચી રહેલી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેઓએ રિવર્સ કરવાની રહે. અન્ય ધંધામાં તબદીલ થાય નહીં. Re Aristo Bullion Pvt Ltd (GST AAR Gujarat)માં ઠરાવ્યા મુજબ જુદો બિઝનેસ વર્ટીકલ હોય ત્યારે તથા બન્ને ધંધા વચ્ચે સામ્યતા પુરવાર ના કરવામાં આવે ત્યારે અન્ય ધંધામાં આ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તબદીલ થઈ શકાય નહીં. આ ઉપરાંત આ જમા ક્રેડિટનું રિફંડ પણ મળે નહીં તેવો અમારો મત છે.

**ખાસ નોંધઃ વાંચકોની માંગને ધ્યાને રાખીને ૦૧ જાન્યુઆરી ૨૦૨૨થી 'ટેક્સ ટુડે'ની આ સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે'ની આ કૉલમ દર સોમવારના બદલે દર શનિવારે પ્રસિદ્ધ થશે.**

**જી.એસ.ટી. હેઠળ કોઈ કરદાતાને રિટર્ન સ્ક્રુટીની તથા આકારણીની નોટિસ ડિપાર્ટમેંટ દ્વારા કેટલા સમયમાં આપવાની રહે? – જિગ્નેશભાઈ ધ્રુવ, ધોરાજી**

જવાબઃ જી.એસ.ટી. કાયદાની કલમ ૭૩(૧૦) હેઠળ વાર્ષિક રિટર્નની મુદતથી ત્રણ વર્ષ સુધીમાં આકારણી આદેશ પસાર કરવાનો થાય છે. આ આદેશ પસાર કરવાની મુદતથી ૩ મહિના પહેલા નોટિસ આપવી ફરજિયાત છે, એટ્લે કે વાર્ષિક રિટર્ન ફાઈલ કરવાની મુદતના ૨ વર્ષ અને ૯ માહિનામાં નોટિસ આપવી ફરજિયાત બને. દરમ્યાન તથા કરચોરીના કિસ્સામાં જી.એસ.ટી. કાયદાની કલમ ૭૪(૧૦) હેઠળ વાર્ષિક રિટર્નની મુદતથી પાંચ વર્ષ સુધી આકારણીનો આદેશ પસાર કરવો ફરજિયાત બને. આ માટેની નોટિસ છ મહિના પહેલા એટલે કે વાર્ષિક રિટર્નની મુદતથી ૪ વર્ષ અને ૬ માહિનામાં આપવી ફરજિયાત છે.

## ૨૭ ડિસેમ્બર ૨૦૨૧

### જી.એસ.ટી.

**જી.એસ.ટી. હેઠળ કલમ ૭૩(૯)માં CGST હેઠળ પેનલ્ટી ૧૦% લાગે કે CGST, SGST તથા IGST ત્રણે થઈને ૧૦% લાગે? આ જ કલમમાં આવેલ ૧૦૦૦૦/–ની મર્યાદા ત્રણે કાયદાની થઈ ને ૧૦૦૦૦/– ગણવાની રહે કે ત્રણે કાયદા હેઠળ ૧૦,૦૦૦/– એટ્લે કે કુલ ૩૦,૦૦૦/– ગણવાની રહે? – જિગ્નેશ ધ્રુવ, ધોરાજી**

જવાબઃ જી.એસ.ટી. હેઠળ કલમ ૭૩(૯) હેઠળ આપવામાં આવેલ ૧૦% ની મર્યાદા એ કાયદા દીઠ ગણાય. જે કાયદા હેઠળ ટેક્સનું માંગણું ઉપસ્થિત થાય તે ટેક્સ દીઠ ગણવાનું રહે. આમ, CGST + SGST બન્ને હેઠળ અથવા IGST હેઠળ ૧૦% અથવા ૧૦૦૦૦/- પ્રતિ કાયદાની મર્યાદા લાગુ પડે.

**ઈ ઈંવોઈસ બનાવ્યા પછી કોઈ કારણોસર જે તે ઈ ઈંવોઈસ ૨૪ કલાક બાદ રદ કરવાનું થાય તો શું કોઈ વિકલ્પ કરદાતા પાસે રહેલ છે? – જિગ્નેશ ધ્રુવ, ધોરાજી**

જવાબઃ ઈ ઈંવોઈસ બનાવ્યા પછી ૨૪ કલાક બાદ કેન્સલ કરવાનો કોઈ વિકલ્પ રહે નહીં. આ માટે ક્રેડિટ નોટ આપવાનો વિકલ્પ જ વેચનાર પાસે રહે તેવો અમારો મત છે.

**અમારા અસીલનો ધંધો કાલા–કપાસનો વેપાર કરવાનો છે. સ્ટેશનરી, ચા પાણી ખર્ચ જેવા ખર્ચ અમો બિન નોંધાયેલ વ્યક્તિ પાસેથી વાઉચર દ્વારા કરીએ છીએ. શું આ ખર્ચ પર RMC ભરવાની જવાબદારી આવે? – હેમંગીનીબેન શેઠ, હળવદ**

જવાબઃ ના, સ્ટેશનરી, ચા પાણી ઉપર બિન નોંધાયેલ વ્યક્તિને કરવામાં આવેલ ચુકવણી ઉપર RMCની જવાબદારી આવે નહીં.

**અમારા અસીલ વેટમાંથી જી.એસ.ટી.માં માઈગ્રેટ થયેલ છે. તેઓ દ્વારા સ્ટોક બાબતે ક્રેડિટનું TRANS 1 ફોર્મ ભરેલ નથી પરંતુ GSTR 3Bમાં સ્ટોકની ઈન્પુટ ટેક્સ ક્રેડિટની રકમ દર્શાવેલ છે. શું તેઓને વેટ હેઠળ આ જમા રકમનું રિફંડ મળે?– નિમેશ પરિખ, ટેક્સ કન્સલ્ટન્ટ, જુનાગઢ**

જવાબઃ હા, TRANS 1ના ભરેલ હોય તેવા સંજોગોમાં વેટ દરમ્યાન જમા રકમનું રિફંડ વેટ હેઠળ મળી શકે. પરંતુ GSRT 3 દ્વારા માંગવામાં આવેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ DRC 03 દ્વારા વ્યાજ સાથે રિવર્સ કરવાની રહે તેવો અમારો મત છે.

## ૨૦–ડિસેમ્બર ૨૦૨૧

### જી.એસ.ટી.

**અમારા અસીલ મિનિ ઓઈલ મિલ ધરાવે છે. તેઓપોતાના ગ્રાહકો પાસેથી તેઓની મગફળીનું પીલાણ કરી સીંગતેલ કાઢી આપવાની સેવા પણ પૂરી પડે છે. આ પ્રકારના જોબવર્ક પર જી.એસ.ટી. હેઠળ રજિસ્ટર્ડ ગ્રાહક અને અનરજીસ્ટર્ડ ગ્રાહક બંને પાસે શું દરે વેરો ઉઘરાવવા જવાબદાર બને? – પ્રિયંક હિરપરા, ટેક્સ કન્સલ્ટન્ટ, જુનાગઢ**

જવાબઃ જી.એસ.ટી. હેઠળસેંટરલ જી.એસ.ટી. રેઈટ નોટિફિકેશન ૧૧/૨૦૧૭ માં ૦૧/૨૦૧૮ તા. ૨૫.૦૧.૨૦૧૮ થી કરવામાં આવેલ સુધારાની એન્ટ્રી ૨૬(F) મુજબ મગફળી પીલાણના જોબવર્ક ઉપર રજિસ્ટર્ડ તથા અનરજીસ્ટર્ડ બન્ને કરદાતાઓ ઉપર ૫% જી.એસ.ટી (૨.૫ CGST +૨.૫ SGST) લાગુ પડે તેવો અમારો મત છે.

### ઈન્કમ ટેક્સ

**અમારા અસીલ 44AD હેઠળ એલીજીબલ એસેસી છે. તેઓનું નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ માટેનું ટર્નઓવર ૧ કરોડ ૨૯ લાખ હતું. આ વર્ષ માટે તેઓએ 44AD હેઠળ આવક દર્શાવવાના બદલે ઓડિટ કરવી ઓછો નફો બતાવી ઈન્કમ ટેક્સરિટર્ન ભર્યું હતું. હવે નાણાકીય વર્ષ ૨૦૨૦ ૨૧ માં તેઓનું ટર્નઓવર માત્ર ૨૯ લાખ છે. શું તેઓ માટે નાણાકીય વર્ષ ૨૦૨૦ ૨૧ માટે ૨૯ લાખ જેવુ ટર્નઓવર હોય તો પણ ઓડિટ કરાવવું જરૂરી બને? ઓડિટ વગર હું ઈન્કમ ટેક્સ રિટર્ન ભરી શકું? આ બાબતે ઈન્કમ ટેક્સ નોટિસ આવવાની સંભાવના રહે? – જયેશ સુખડિયા**

જવાબઃ ના, ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ પાછલા નાણાકીય વર્ષમાં ટર્નઓવર ૧ કરોડથી વધુ હોય ઓડિટ કલમ 44AD હેઠળ થયું ગણાય. ૨૦૨૦-૨૧માં ૮% (બેન્ક રિસીપ્ટમાં ૬%)થી વધુ નફો દર્શાવી ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 44ADનો લાભ મળી શકે છે તેવો અમારો મત છે.

**અમારા અસીલ ઈન્કમ ટેક્સનું રિટર્ન કલમ 44AD હેઠળ ફાઈલ કરે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ ૨૧ માં તેઓનું વેચાણ ૧૦ લાખનું છે. તેઓએ આ વર્ષમાં ધંધો બંધ કરી આપ્યો છે. તેઓની પાસે ૨.૫ લાખની મશીનરી હતી જેના ઉપર જી.એસ.ટી. ભરી તેઓએ ધંધો બંધ કરી આપેલ છે. અમારો પ્રશ્ન એ છે કે ઈન્કમ ટેક્સ રિટર્ન માં અમારું વેચાણ ૧૨,૫૦,૦૦૦ દરશાવવાનું રહે કે ૧૦,૦૦,૦૦૦/–? અને જો ૧૦ લાખ દરશાવવાનું રહે તો ૨.૫ લાખના મશીનરીના વેચાણને કેવી રીતે દર્શાવવાના રહે? – મંથન સરવૈયા**

જવાબઃ તમારા અસિલે ઈન્કમ ટેક્સ રિટર્નમાં ૧૦ લાખને વેચાણ તરીકે દર્શાવવાનું રહે. ૨.૫ લાખની મશીનરી વેચાણને ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૫૦ હેઠળ ડેપરીશીએબલ એસેટ ના વેચાણ તરીકે દરશાવવાનું રહે અને આ મશીનરી વેચાણનો નફો મૂડી નફો ગણાય તેવો અમારો મત છે.

### –:: ખાસ નોંધ ::–

૧. મિત્રો, આ પ્રશ્નોના જવાબસામાન્ય સંજોગોમાં આપવામાં આવતા હોય છે. અમારા મતે જી.એસ.ટી.ની જોગવાઈઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગેના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવાનો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરાના દર અંગેના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડેને આ સેવા વાચકોના લાભાર્થે આપે છે. તમામ વાચકોને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડેને નીચે આપેલ ઈમેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગોમાં વાચકોને વિનંતી કે એક્સપર્ટ્સનો સીધો સંપર્ક બિન વ્યવસાયી રીતેના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ મને taxtodayuna@gmail.com પર ઈમેઈલ કરી શકો છો. સોમવારથી શુક્રવાર સુધી આવેલા પ્રશ્નોના જવાબ શક્ય હોય ત્યાં સુધી પછીના સોમવારે પ્રસિદ્ધ કરવામાં આવશે.

**ડિસ્ક્લેમરઃ** આ કૉલમ 'ટેક્સ ટુડે'ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદાના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

# Ocean Freight ઉપર જી.એસ.ટી. અંગે તલસ્પર્શી



By Setu Shah
GST Practitioner
Ahmedabad

માલનું આયાત અથવા નિકાસ મુખ્યત્વે બે માર્ગથી થાય છે પહેલું હવાઈ માર્ગે અને બીજું સમુદ્રી માર્ગે હવાઈમાર્ગને જીએસટીમાં નોટિફિકેશન નંબર ૧૨/૨૦૧૭ તારીખ ૨૮-૬-૨૦૧૭ ના સીરીયલ નંબર ૧૯થી વેરા મુક્તિ આપવામાં આવી છે માટે ચર્ચાનો મુદ્દો ફક્ત સમુદ્રી માર્ગ અને તેના પર લાગતા ભાડા પર રહેશે સમુદ્રી ભાડું જેને અંગ્રેજીમાં OCEAN FRIGHT કહે છે

૧. માલનું આયાત મુખ્યત્વે બે કરાર આધારિત હોય છે જેમાં
   ૧. FOB (FREE ON BOARD)
   ૨. CIF (COST, INSURANCE, FRIGHT)

૧.૧ FOR: ફ્રી ઓન બોર્ડ જેમાં વિદેશી સપ્લાયર માલની ડિલિવરી તેના દેશના ચોક્કસ સ્પોટ એટલે કે બંદર પર પહોંચાડવાની જવાબદારી લે છે, ત્યારબાદ માલ ની જવાબદારી આયાત કરવાની રહે છે, આયાતકાર વિદેશી બંદર પર થી તે માલ ને તેને અનુકૂળ હોય એવા ભારતના પોર્ટ સુધી લાવવા માટે દેશી અથવા વિદેશી શીપીંગ લાઈન ની સેવા લેશે.



૨.૧ CIF સીઆઈએફ, insurance અને fright એટલે કે માલની કિંમત વીમો અને ભાડા ની જવાબદારી વિદેશી સપ્લાયર લે છે C&F એટલે કે માલની કિંમત અને ભાડા ની જવાબદારી વિદેશી સપ્લાયર લે છે, અને આયાતકાર ઈન્સ્યોરન્સ ની જવાબદારી લે છે.

### સમુદ્રી ભાડા પર જીએસટીની અસર

૩.૧ FOB: સમુદ્રી ભાડા એ સેવાની આયાત છે કેમકે તે નક્કી કરવા માટે આપણે તેની વ્યાખ્યા આઇ જીએસટી ની કલમ ૨ ની પેટા કલમ (૧૧)માં આપેલી છે તેને ધ્યાને લેવી જોઈએ અને તે મુજબ ગણવી જોઈએ

**સેવાની આયાત નો અર્થ સેવાનો પુરવઠો જ્યાં–**

૧. સેવાનો પુરવઠાકાર ભારતની બહાર સ્થિત છે.
૨. સેવાનો પુરવઠો પ્રાપ્ત કરનાર ભારતમાં સ્થિત છે અને-
૩. સેવાના પુરવઠાનું સ્થળ ભારતમાં છે.

FOBના કિસ્સામાં જ્યારે વિદેશી સપ્લાયર માલને નક્કી કરેલા તેના દેશના પોર્ટ પર પહોંચાડવાની જવાબદારી લે છે, અને જ્યારે તે માલ પહોંચાડે છે ત્યારે તેઓ માની લેવાય કે માલિકી હક તબદીલ એટલે કે ટ્રાન્સફર થયો છે અને લેનાર હવે તે માલનો માલિક છે, આયાતકાર તે માલ ને તેના અનુકૂળ ભારતના પોર્ટ પર લાવવા માટે વિદેશી શીપીંગ લાઈનની સેવા લેશે. આ પ્રવૃત્તિ ચોક્કસપણે વ્યાખ્યામાં બંધબેસતી હોવાથી તેને સેવાની આયાત માનવામાં આવશે અને તેના પર લાગુ પડતા દરેક વેરો પણ ભરવો પડશે.

૩.૨ IGSTની કલમ-૫ની પેટા કલમ ૩ અને નોટીફીકેશન નંબર ૧૦/૨૦૧૭ IGST તારીખ ૨૮-૬-૧૭ના SR નંબર ૧૦ મુજબ સેવાના પુરવઠા લેનાર પર રિવર્સ ચાર્જ મુજબ વેરાની જવાબદારી રહેશે.

૩.૩ ઉપરના ખિસ્સામાં ધ્યાન આપવા જેવી બાબત એ છે કે જો વિદેશી શીપીંગ લાઈનની સેવા લેવામાં આવે તો જ સેવાની આયાતની વ્યાખ્યામાં આવે છે, અને રિવર્સ ચાર્જ મુજબ વેરો ભરવાની જવાબદારી ખરીદનારની થાય છે. પણ જો શીપીંગ લાઈન ભારતમાં સ્થિત છે અને આયાતકાર તેની સેવા લે છે તો ફોરવર્ડ ચાર્જ એટલે કે રાબેતા મુજબ શીપીંગ લાઈન કંપની આયાતકાર પાસે વેરો ઉઘરાવીને ભરવાની જવાબદારી થાય છે.

૪. CIF: આ કિસ્સામાં વિદેશી સપ્લાયર ભારતમાં નક્કી કરેલા પોર્ટ સુધી પહોંચાડવાની જવાબદારી લે છે એટલે જ્યાં સુધી માલ ભારતના બંદર સુધી પહોંચે નહીં ત્યાં સુધી માલિકી હક તબદીલ ટ્રાન્સફર થતો નથી. વિદેશી સપ્લાયર શીપીંગ લાઈન ની સેવા લે છે, માટે તે ઉપરની સેવાની આયાત ની વ્યાખ્યામાં આવતું નથી જેથી આયાતકાર પર વેરો ભરવાની પણ જવાબદારી આવતી નથી.

૪.૧ જો કે ઉપરના કિસ્સા માં મતભેદના કારણે મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ મોહિત મિનરલ પ્રાઈવેટ લિમિટેડ વિરુદ્ધ ભારત સંઘ SCA નંબર 726-2018-HC-GUJ માં એવું ઠરાવ્યું કે આયાતકાર સમુદ્રી માલના પરિવહનની સેવા લેનાર ગણી શકાય નહીં, અને વિદેશી સપ્લાયર જે ભારતની બહાર સ્થિત છે, તેણે શીપીંગ લાઈનની સેવા લીધેલી ગણાય તેથી આયાતકાર પાસે વેરાની માંગણી કરી શકાય નહીં કારણ કે તે સેવાની વ્યાખ્યામાં આવતો નથી.

૪.૨ વધુમાં કોર્ટે ઠરાવ્યું કે નોટિફિકેશન નંબર ૧૦/૨૦૧૭ના સીરીયલ નંબર ૧૦ તે આઈ જીએસટી ની કલમ ૫ની સત્તા બહારનું છે અને આઈ IGST ની કલમ ૧૫ મુજબ આયાતકાર સેવાનું મૂલ્ય નક્કી કરી શકતો નથી જેથી તે ગેરબંધારણીય છે અને આયાતકાર વેરો ભરવા માટે જવાબદાર નથી.

**ઉપરની ચર્ચાને ધ્યાનમાં રાખતા આપણે નીચેના તારણ પર આવી શકીએ.**

FOB: ના કિસ્સામાં જો કોઈ શીપીંગ લાઈન ભારતમાં સ્થિત છે તો વેરો ભરવાની જવાબદારી શીપીંગ લાઈન ની થશે અને જો શીપીંગ લાઈન ભારતની બહાર સ્થિત છે તો વેરો ભરવાની જવાબદારી રિવર્સ ચાર્જ મુજબ આયાતકાર ની રહેશે.

CIF: ના કિસ્સામાં શીપીંગ લાઈન ભારત સ્થિત છે તો ભરવાની જવાબદારી શિપિંગ લાઈનની રહેશે અને શીપીંગ લાઈન ભારત બહાર સ્થિત છે, તો નામદાર ગુજરાત હાઈકોર્ટ ના નિર્ણય મુજબ આયાતકારને ની વેરો ભરવાની જવાબદારી થશે નહીં.

**લેખક અમદાવાદ ખાતે જી.એસ.ટી. કન્સલ્ટન્ટ તરીકે પ્રેક્ટિસ કરે છે. તેઓનો સંપર્ક મોબાઈલ દ્વારા ૯૮૨૫૦-૧૪૩૯૭ ઉપર અથવા ઈ મેઈલ દ્વારા shah_setu14397@rediffmail.com ઉપર અથવા તો તેઓની વેબસાઈટ http://www.shahandco.org/ દ્વારા થઈ શકે છે.**

## ઈન્કમ ટેક્સ હેઠળ ઓડિટની રિપોર્ટ અપલોડ કરવાની મર્યાદા ૧૫ ફેબ્રુઆરી તથા રિટર્ન ભરવાની મુદતમાં ૧૫ માર્ચ સુધી કરવામાં આવ્યો વધારો

### CA, ટેક્સ પ્રોફેશનલ્સને મોટી રાહત, કરદાતાઓ માટે પણ રાહતના સમાચાર

તા. ૧૧.૦૧.૨૦૨૨: ઈન્કમ ટેક્સ ઓડિટ રિપોર્ટ ફાઈલ કરવાની મુદત ૧૫ જાન્યુઆરી ૨૦૨૨ હતી. આ મુદતમાં વધારો કરતો પરિપત્ર નંબર ૦૧/૨૦૨૨, તા. ૧૧.૦૧.૨૦૨૨ ના રોજ સેન્ટરલ બોર્ડ ઓફ ડિરેક્ટ ટેક્સ (CBDT) દ્વારા આજે બહાર પાડવામાં આવ્યો છે. આ પરિપત્રમાં ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની મુદતમાં ૧૫ માર્ચ ૨૦૨૨ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. ટેક્સ ઓડિટ રિપોર્ટ (TAR) ફાઇલ કરવાની મુદત ૧૫ જાન્યુઆરી ૨૦૨૨ હતી. આ મુદત નજીક હોય છતાં પણ ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર અવારનવાર 'સ્કીમાં'માં બદલાવ કરવામાં આવી રહ્યા હતા. આ અંગે વિવિધ સંગઠનો દ્વારા નાના મંત્રાલયને રજૂઆત કરવામાં આવી હતી. હવે આ વધારાના કારણે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ટેક્સ પ્રોફેશનલ્સ તથા કરદાતાઓને મોટી રાહત મળી છે. કોરોનાના વધતાં કેસોના કારણે તથા ટેકનિકલ ક્ષતિઓના કારણે આ વધારો કરવો ખૂબ જરૂરી હતો. સમયસર મુદત વધારો જાહેર થતાં ટેક્સ પ્રોફેશનલ્સ તથા સ્ટાફ માટે રાહના શ્વાસ લીધા હોવાના સમાચાર મળી રહ્યા છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે.**

**હાર્દિક શુભેચ્છા**




**શ્રી એડવોકેટ જયેન્દ્ર તન્ના તથા એડવોકેટ દર્શન તન્ના દ્વારા સંચાલિત Tanna Accounts Pvt. Ltd.ને નવી અદ્યતન ઓફીસમાં નવપ્રસ્થાન માટે શુભેચ્છા**

**શુભેચ્છકઃ ભવ્ય ડી. પોપટ તથા ટેક્ષ ટુડે પરિવાર**

◆ Year: 6, ◆ Issue No.3, ◆ Continue Issue No.63, ◆ Date: 15/01/2022, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.